CMYK CMYK
RNI NO GUJ/GUJ/2005/23890
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
AMRELI
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, બીજો માળ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.
● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૩ શુક્રવાર, તા.૨૦-૦૧-૨૦૨૩ અંક : ૨૧ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

## રમખાણો પર બીબીસી ડોક્યુમેન્ટરી પર યુકે PM સુનકે પાકિસ્તાની મૂળના સાંસદને આપ્યો જવાબ

# નરેન્દ્ર મોદી વિશે જે પાત્રાલેખન કરવામાં આવ્યું છે તેની સાથે હું બિલકુલ સંમત નથીઃ ઋષિ સુનક



(એ.આર.એલ),નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ૨૦૦૨ના ગુજરાત રમખાણો પર બીબીસીની ડોક્યુમેન્ટ્રીએ યુકેમાં હલચલ મચાવી દીધી છે. આ અંગે ઘણો વિવાદ ચાલી રહ્યો છે. હવે આ વિવાદ બ્રિટનની સંસદમાં પણ પહોંચી ગયો છે. જ્યારે પાકિસ્તાની મૂળના સાંસદ ઈમરાન હુસૈને સંસદમાં આ મામલો ઉઠાવ્યો તો બ્રિટિશ પીએમ ઋષિ સુનકે તેમને જવાબ આપ્યો અને ભારતીય પીએમ મોદીના સમર્થનમાં બોલતા બ્રિટિશ પીએમ ઋષિ સુનકે તેમની સંસદમાં કહ્યું કે તેઓ આ ડોક્યુમેન્ટ્રીમાં તેમના પાત્રાલેખન સાથે સહમત નથી. પોતાની વાત રાખતા સુનકે કહ્યું કે આ મામલે યુકે સરકારની સ્થિતિ સ્પષ્ટ છે, લાંબા સમયથી જે સ્ટેન્ડ છે તેમાં કોઈ ફેરફાર થયો નથી. સુનકે વધુમાં કહ્યું કે અલબત્ત અમે ઉત્પીડન સહન કરતા નથી, તે ગમે ત્યાં હોય, પરંતુ નરેન્દ્ર મોદી વિશે જે પાત્રાલેખન કરવામાં આવ્યું છે તેની સાથે હું બિલકુલ સંમત નથી.

ગુજરાત રમખાણો પર બીબીસી ડોક્યુમેન્ટ્રી હકીકતમાં ્ઁઞ એક બ્રિટિશ સંસ્થાએ ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના કાર્યકાળને નિશાન બનાવતી ૨ ભાગોમાં શ્રેણી દર્શાવી હતી. જેના કારણે બ્રિટનમાં ભારતીય ડાયસ્પોરા દ્વારા ઘણી નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને ત્યારબાદ ડોક્યુમેન્ટ્રીને પસંદગીના પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી હતી. ભારતીય મૂળના બ્રિટિશ નાગરિકોએ આ ડોક્યુમેન્ટરીની નિંદા કરી હતી, જ્યારે બ્રિટિશ મૂળના લોર્ડ રામી રેન્જરે કહ્યું હતું કે બીબીસીના કારણે એક અબજથી વધુ ભારતીયોની ભાવનાઓને ઠેસ પહોંચી છે.

બીબીસી રિપોર્ટિંગની નિંદા કરતા રામી રેન્જરે એક ટ્વીટ પણ કર્યું જેમાં તેણે લખ્યું કે બીબીસી ન્યૂઝ તમે એક અબજથી વધુ ભારતીયોને ઘણું દુઃખ પહોંચાડ્યું છે. આ લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતીય પોલીસ અને ન્યાયતંત્રનું અપમાન છે. અમે રમખાણો અને જાનહાનિની ??નિંદા કરીએ છીએ અને તમારા પક્ષપાતી અહેવાલની પણ નિંદા કરીએ છીએ. આ સિવાય ભારતીય વિદેશ મંત્રાલયે પણ બીબીસીના આ અહેવાલ પર પ્રતિક્રિયા આપી છે.

# રામ સેતુ રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવા તૈયાર થઈ રહ્યું છે એફિડેવિટ

## કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં આપી જાણકારી



(એ.આર.એલ),નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે માન્યતા આપવાની માગ કરતી સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર ગુરુવારે સુનાવણી થઈ હતી. આ મામલામાં કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું છે કે, રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક ઘોષિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તો વળી સ્વામીએ જણાવ્યું છે કે, આ સંબંધમાં સંસ્કૃતિ મંત્રાલયે બેઠક પણ કરી હતી. તત્કાલિન મંત્રી તરીકે પ્રહ્લાદ પટેલે આ મામલામાં ચર્ચા પણ કરી હતી, પણ તેમને બીજૂ મંત્રાલય આપી દીધું પણ મારી દલીલ ફક્ત એ વાત પર છે આપ પાછીપાની શા માટે કરી રહ્યા છો?

તેના પર સીજેઆઈ ડીવાઈ ચંદ્રચૂડે કહ્યું કે, હું અને જસ્ટિસ પારડીવાલા એક કોરમમાં એક આદેશ પારિત કરીશું, પણ જસ્ટિસ નરસિમ્હાની સાથે નથી. ન્યાયમૂર્તિ નરસિમ્હાનું કહેવું છે કે, તે સેતુ સમુદ્રમ પ્રોજેક્ટ મામલામાં તમિલનાડૂ રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. એટલા માટે તે આ મામલાની સુનાવણી નહીં કરી શકશે. તો વળી કોર્ટે ભાજપ નેતા સ્વામીને કહ્યું કે, આ મામલા સાથે જોડાયેલ વધારાના પુરાવા મંત્રાલયને આપી શકે છે. જો કે, તેમણે કહ્યું કે, તે વધારાના પુરાવા મંત્રાલયને શા માટે આપે? તેમણે કહ્યું કે, અગાઉ પણ કેટલાય પુરાવા અને પત્ર મંત્રાલયને આપી ચુક્યો છું, પણ તેમણે હજૂ સુધી તેનો કોઈ જવાબ આપ્યો નથી.

સુબ્રમણ્યમ સ્વામીએ રામ સેતુને ઐતિહાસિક સ્મારક તરીકે માન્યતા આપવાની માગ કરતી અરજી દાખલ કરી છે.

# પઠાન-શાહરુખની ફેન ક્લબે સિનેમાહોલના ફર્સ્ટ ડે ફર્સ્ટ શોની તમામ ટિકિટો બુક કરી

## શાહરુખ ખાનના ફેન્સે ૪ વર્ષ બાદ જોવા મળી રહેલા પોતાના સ્ટારને આપી ગિફ્ટ



(એ.આર.એલ),નવીદિલ્હી,
એક તરફ શાહરુખ બોયકોટવાળા વિરોધીઓ કિંગખાનની ફિલ્મ પઠાનનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે બીજી બાજુ શાહરુખની એક ફેન ક્લબે સિનેમાહોલના ફર્સ્ટ ડે ફર્સ્ટ શોની તમામ ટિકિટો બુક કરી લીધી છે. ફેન ક્લબે મુંબઈના ગેટી ગેસેક્સી સિનેમા હોલના પ્રથમ શો, જે ૯ વાગ્યાનો છે, તેને બુક કરી લીધો છે.આ સિનેમાહોલનો પ્રથમ શો ૧૨ વાગ્યાથી થઈ રહ્યો છે, પણ શાહરુખ ખાન અને પઠાનનો ક્રેઝ જોતા તેમણે પોતાની પોલિસીમાં ફેરફાર કર્યો અને પઠાન માટે પ્રથમ શો સવારે ૯ વાગે રાખ્યો. ફર્સ્ટ ડે ફર્સ્ટ શો પર આખો સિનેમાહોલ બુક થવાની પુષ્ટિ જી ૭ મલ્ટીપ્લેક્સના કાર્યકારી નિર્દેશક મનોજ દેસાઈએ પણ કરી છે. મનોજ દેસાઈએ જણાવ્યું છે કે આ એકદમ સાચી વાત છે. શાહરુખ ખાનના ફેન્સે આખા થિયેટરને બુક કરી લીધું છે. તે ફિલ્મનો પ્રથમ શો ૧૨ વાગ્યા પહેલા જોવાનો છે. સોના ટાઈમિંગના ફેરફાર વિશે વાત કરતા કહ્યું કે, એક્જીબિટિર્સે શુક્રવારે સ્ક્રીનિંગ ટૂંકમાં શરુ કરવાની માગ કરી છે. પણ પ્રથમ શોનો ટાઈમિંગ શુક્રવારે જ ખબર પડશે.

શાહરુખ ખાન, દીપિકા પાદુકોણ અને જોન અબ્રાહમ સ્ટારર પઠાન, બોક્સિ ઓફિસ પર ૨૫ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે. ફિલ્મને સિદ્ધાર્થ આનંદે ડાયરેક્ટ કર્યું છે. ફિલ્મમાં શાહરુખના પઠાન નામના સિક્રેટ એજન્ટનું પાત્ર નિભાવે છે. દીપિકા પણ એક સોલ્જર બની છે. જ્યારે જોન ફિલ્મમાં નેગેટિવ પાત્રમાં છે. તે આતંકી માસ્ટરમાઈન્ડ બન્યો છે.



# કુસ્તીબાજોના મુદ્દે આજે બેઠકઃ આરોપોને લઈને કેન્દ્ર સરકાર એક્શનમાં

## અનુરાગ ઠાકુરે ખુદ કુસ્તીબાજોના મુદ્દે ખેલાડીઓ સાથે બેઠક કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,
બૃજભૂષણ શરણ સિંહ વિવાદ દિવસેને દિવસે વધી રહ્યો છે. ગઈકાલે મોડી રાત સુધી બેઠક ચાલ્યા બાયડ હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, રેસલિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને ભાજપના સાંસદ બૃજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ મહિલા કુસ્તીબાજોના આરોપોને લઈને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે.

કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે ખુદ કુસ્તીબાજોના મુદ્દે આગેવાની લીધી હતી. હિમાચલ પ્રદેશથી પરત ફરતી વખતે તેમણે તેમના નિવાસસ્થાને ખેલાડીઓ સાથે બેઠક કરી હતી. બેઠક દરમિયાન તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે પણ વાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર અમિત શાહ આજે બૃજભૂષણ શરણ સિંહને ફોન કરી શકે છે. રમતગમત મંત્રી અને કુસ્તીબાજો વચ્ચેની બેઠક ખૂબ જ સકારાત્મક રહી હતી. આ સાથે જ આજે ફરીથી કુસ્તીબાજો સાથે બેઠક બોલાવીને અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. એક દિવસ પહેલા જ રમત મંત્રાલયે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને નોટિસ મોકલીને ૭૨ કલાકમાં જવાબ માંગ્યો હતો.

### મોડી રાત સુધી ચાલી બેઠક

મહત્વનું છે કે, ગઈકાલે મોડી રાત સુધી ચાલેલી બેઠકમાં બજરંગ પુનિયા, રવિ દહિયા, બબીતા ??ફોગટ, વિનેશ ફોગટ, સાક્ષી મલિક અને અંશુ મલિક હાજર હતા. ખેલાડીઓના કડક વલણને કારણે બૃજભૂષણ શરણ સિંહ પર રાજીનામાનું દબાણ વધી ગયું છે. અગાઉ, ઓલિમ્પિક અને અન્ય આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા કુસ્તીબાજો ગુરુવારે બીજા દિવસે જંતર-મંતર પર ધરણા પર બેઠા હતા. આ તરફ પૂર્વ કુસ્તીબાજ બબીતા ??ફોગાટ કેન્દ્ર સરકાર વતી જંતર-મંતર પહોંચી અને વિરોધ કરી રહેલા કુસ્તીબાજોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી. તેમની સાથે બજરંગ પુનિયા અને સાક્ષી મલિક સરકારના પ્રતિનિધિઓને મળ્યા હતા. મંત્રણામાંથી કોઈ નક્કર પરિણામ ન આવતાં કુસ્તીબાજોએ પત્રકાર પરિષદમાં નારાજગી વ્યક્ત કરી હતી.

# પશ્ચિમ બંગાળના બોર્ડ પેપરમાં પીઓકેને આઝાદ કાશ્મીર બતાવાયું,ભારે વિરોધ થયો




(એ.આર.એલ),કોલકતા,તા.૧૯
પશ્ચિમ બંગાળમાં એક પરીક્ષાના ટેસ્ટ પેપરને લઈ મમતા સરકાર વિવાદોમાં ઘેરાઈ ગઈ છે.ધો.૧૦ની બોર્ડની પરીક્ષા પહેલા પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના ટેસ્ટ પેપરમાં જમ્મુ કાશ્મીરના એક હિસ્સાને આઝાદ કાશ્મીર લખવા પર ભાજપે મમતા સરકાર પર નિશાન સાધ્યું છે.હકીકતમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને પાકિસ્તાન આઝાદ કાશ્મીર કહે છે અને પશ્ચિમ બંગાળમાં ધો.૧૦ની પરીક્ષા માટે જારી ટેસ્ટ પેપરમાં તેનો આઝાદ કાશ્મીર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હકીકતમાં બંગાળમાં ધો.૧૦ની બોર્ડ પરીક્ષાના મોડલ પ્રશ્ન પત્રથી જોડાયેલ એક ફોટો સોશલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે.ટેસ્ટ પેપરની આ તસવીરમાં છાત્રોથી નકશા પર આઝાદ કાશ્મીરને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું છે.તેને લઈ હવે રાજનીતિક વિવાદ શરૂ થઈ ગયો છે.વિરોધ પક્ષ ભાજપે જ્યાં તેને એક જિહાદી કાવતરૂ ગણાવ્યું છે જયારે સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ ટીએમસીએ તેને એક ભુલ બતાવતા સ્પષ્ટ કર્યું છે કે તે તેને સમર્થન આપતી નથી પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ રામાનુજ ગાંગુલીએ સ્વીકાર કર્યો હતો કે સ્વાયત એકમ દ્વારા પ્રકાશિત મોડલ પ્રશ્ન પત્રોમાં ગડબડી થઈ છે અને તેના માટે જવાબદાર લોકોની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.ગાંગુલીએ કહ્યું કે અમે અલગ અલગ સ્કુલો દ્વારા આપવામાં આવેલ પ્રશ્ન પત્રોનું સંકલન પ્રકાશિત કર્યું છે.આવા જ એક પ્રશ્ન પત્રમાં તેની ભુલની માહિતી મળી.મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને સંપાદકીય ટીમના તે સભ્યોની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રશ્ન પત્રોમાં ગડબડી થઇ છે અને તેના માટે જવાબદાર લોકોની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.: માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ**

## શિક્ષણ અંગેના વાર્ષિક અહેવાલમાં ચોકાવનારુ 'સત્ય' આવ્યું બહાર

# પ્રાથમિક શિક્ષણ પોતે જ 'ઢ'

## ધો.૩ના વિદ્યાર્થીઓમાં ૧૦થી૯૯ સુધીના આંકડા વાંચવામાં પણ તકલીફઃ બારાક્ષરીના અક્ષરમાંથી બનાવેલો ત્રણ અક્ષરનો શબ્દ પણ બાળકો બોલી શક્યા નહી



નવી દિલ્હીઃ
દેશમાં શિક્ષણ માટે વધતી જતી જાગૃતિ વચ્ચે એક ચિંતાજનક અહેવાલ પણ બહાર આવ્યો છે અને ખાસ કરીને હવે જયારે ભારત વિશ્વમાં સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બનવા જઈ રહ્યો છે તે સમયે તેના ભાવિ નાગરિકો સુશિક્ષિત હોય અને સ્કીલ ધરાવતા હોય તો ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવી શકે. મતલબ કે વધતી વસતીના લાભ મેળવી શકે નહીતર વધતી વસતી 'બોજો' પણ પુરવાર થઈ શકે છે. હાલમાં જ પ્રસિદ્ધ થયેલા શિક્ષણ અંગેના વાર્ષિક રિપોર્ટમાં શિક્ષણ અંગે ખાસ કરીને માતાપિતાને ચિંતા સર્જાવે તેવું ચિત્ર બન્યુ છે. કોવિડના કારણે ફકત વયસ્કો જ નહી પણ બાળકોને પણ અસર થઈ છે અને આ કોવિડની એક સાઈડ ઈફેકટ પણ જોવામાં આવે છે. કોવિડ કાળ બાદ ગુજરાતમાં મોટી સંખ્યામાં કુટુંબોએ તેના બાળકોને ખાનગી શાળા કે ખાનગી ટ્યુશન બંધ કરાવી તે સરકારી શિક્ષણના સહારે ગયા છે. ખાસ કરીને કોવિડ બાદ કુટુંબની આવક ઘટતા કુટુંબોને આ ફરજ પડી હોવાનું તારણ છે. આ રીપોર્ટ કહે છે કે ૨૦૧૮માં શિક્ષણ ક્ષેત્રમાં જે નવા વિદ્યાર્થીઓના એડમીશન થયા તેમાં ૧૨% ખાનગી શાળામાં હતા તે ૨૦૨૨માં ઘટીને ૮% થયા છે પણ સૌથી મોટી ચિંતા બાળકોની પાયાની શિક્ષણની ક્ષમતા ઘટી છે. પ્રાથમીક શિક્ષણ એ બાળકની અભ્યાસની ક્ષમતાનો પાયો છે. પણ આ રીપોર્ટ કહે છે કે શાળાની બાળકોની અભ્યાસ ક્ષમતા શિખવાની ક્ષમતા કે જેને ગ્રાસ્પીગ પાવર તરીકે પણ ઓળખી શકાય છે તેમાં મોટો ઘટાડો થયો છે એટલે કે તેમનું શૈક્ષણિક સ્તર ઘટ્યું છે. આ સર્વે મુજબ (દ્રષ્ટાંત રૂપે) ધો.૩માં ૯.૮% વિદ્યાર્થીઓ ૧થી૯ના આંકડાને પારખી શકતા ન હતા જયારે ૨૯.૬% વિદ્યાર્થીઓને ૧થી૯ના ઓળખી ગયા પછી ૧૦થી૯૯ સુધીના આંકડા ગુજરાતીમાં લખાયા તો પણ તેમાં તે કયો આંકડો છે તે કહી શકયા નહી.

CMYK CMYK

# ગુજરાતના કલાકારે વડાપ્રધાન મોદીની ૧૫૬ ગ્રામની સોનાની મૂર્તિ બનાવી

અમદાવાદ,

સુરતમાં ૧૫૬ ગ્રામ સોનાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મૂર્તિ બનાવી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૫૬ બેઠકો જીત્યા બાદ આ મૂર્તિ બનાવવામાં આવી છે. ૧૫ થી ૨૦ કારીગરોએ મહિનાઓની મહેનત બાદ આબેહૂબ લાગતી આ મૂર્તિ તૈયાર કરી છે. જેમાં તમામ વિગતોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. રાધિકા ચેન્સ કંપનીમાં આ મૂર્તિ બની છે. જે લોકોને આકર્ષી રહી છે. ૧૮ કેરેટ સોનામાંથી બનેલી આ મૂર્તિની કિંમત ૧૧ લાખ જેટલી આંકવામાં આવી રહી છે.



સુરતના આ કારીગરો સાત મહિના જેટલા સમયથી આ મૂર્તિ પર કામ કરી રહ્યા હતા. અને જ્યારે ડિસેમ્બરમાં સામે આવેલા ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપે ૧૫૬ બેઠકો જીતી ત્યારે, આ મૂર્તિને ૧૫૬ ગ્રામની બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. એટલે આ મૂર્તિ ૧૫૬ ગ્રામ સોનાની બનાવવામાં આવી છે. સુરતનો ડાયમંડ અને જ્વેલરી ઉદ્યોગ તેની કારીગરી માટે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત છે. ત્યારે સુરતની કંપનીએ બનાવેલી પીએમ મોદીની મૂર્તિ અનોખી છે.

આ પહેલીવાર નથી જ્યારે સુરતના કોઈ જ્વેલર્સે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મૂર્તિ તૈયાર કરી હોય. વર્ષ ૨૦૧૯માં સુરતના એક જ્વેલર્સે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાડા ત્રણ કિલો ચાંદીમાંથી મૂર્તિ તૈયાર કરી હતી. ૨૪ કેરેટ ચાંદીમાંથી બનાવવમાં આવેલી આ પ્રતિમા જોવા માટે અનેક લોકો આવ્યા હતા. અને હવે સુરતના વધુ એક ટેલેન્ટેડ જ્વલરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આબેહૂબ મુખાકૃતિ બનાવી છે.

## સામાન્ય અંદાજપત્રની તૈયારીનો ધમધમાટ શરૂ થયો

# ગુજરાત રાજ્યનું બજેટ ફુલ ગુલાબી રહેવાની સંભાવના

### ૨૮ વિભાગો અને સરકારી સંસ્થાઓને બજેટની જોગવાઇ અને માગણીઓની વિગતો આપવા જણાવવામાં આવ્યું

ગાંધીનગર,

ગુજરાતમાં નવા વર્ષ ૨૦૨૩-૨૪ના સામાન્ય અંદાજપત્રની તૈયારીનો ધમધમાટ શરૂ થયો છે. રાજ્ય સરકારના તમામ ૨૮ વિભાગો અને સરકારી સંસ્થાઓને બજેટની જોગવાઈ અને માગણીઓની વિગતો આપવા જણાવવામાં આવ્યું છે. રાજયના નાણાં વિભાગે અલગ-અલગ વિભાગોના અધિકારીઓ સાથે બેઠકોની શરૂઆત કરી છે. છેલ્લા ૧૫ દિવસથી આ મુદ્દે બેઠકોનો દૌર રોજ રોજ ચાલુ છે.

દેશમાં ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી આવી રહી હોવાથી




ગુજરાતના બજેટમાં સામાન્ય લોકો ઉપર નવા કરવેરા નહીં હોવા સાથે નવી યોજનાઓ અને લોકભોગ્ય જાહેરાતો હોવાની સંભાવના છે. ૨૦૨૨-૨૩ના વર્ષના બજેટનું કદ ૨.૪૩ લાખ કરોડનું હતું જેમાં ૧૦ થી ૧૨ ટકાનો વધારો થવો સંભવ છે. રાજયના નાણાંમંત્રી કનુ દેસાઇના અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગોની બેઠકો શરૂ કરવામાં આવી છે.

બજેટ સત્ર પૂર્વે સરકારના ૨૮ વિભાગો તેમજ અન્ય સરકારી કચેરીઓ દ્વારા બજેટને લગતા ખર્ચા, નવી યોજનાઓ, અગાઉ સમાવિષ્ટ યોજનાઓ તેમજ અન્ય હિસાબો સહિત સરકારના ખર્ચ અને આવકના અંદાજોની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપે જે વચનો આપ્યાં છે તે પૂર્ણ કરવા નાણામંત્રીએ વિભાગોને ટારગેટ આપ્યાં છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોષ, ખેતીને પાણી પુરૂં પાડવાની ૨૫૦૦૦ કરોડની યોજના, સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં સી-ફુડ પાર્ક, મત્સ્યોદ્યોગ માટે નવી જેટી, કોલ્ડ સપ્લાય ચેઇન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવારની રકમ ૧૦ લાખ કરવી, ગ્રીન એનર્જી, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ સહિતની યોજનાઓનો બજેટમાં સમાવેશ કરવામાં આવી શકે છે.

## ભચાઉ નજીક ભૂકંપના આંચકા આવતા ફફડાટ

ભચાઉ નજીક ભૂકંપનો આંચકો અનુભવાયો છે. રિક્ટર સ્કેલ પર ૩.૦ની તીવ્રતા નોંધાઈ છે. ગુરૂવારે સવારે ૯.૧૭ મિનિટ ભુકંપનો આંચકો અનુભવાયો હતો. ભચાઉથી ૧૭ કિમિ દૂર કેન્દ્રબિંદુ નોંધાયું હતું. આ પહેલા પણ આવા આંચકા આવી ચૂક્યા છે. જો કે આ ભૂકંપની તિવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાની થઈ નથી. ઉત્તરાખંડના ઉત્તરાકાશીની ઉપરથી આપદા હટવાનુ નામ નથી લઇ રહી. ગત ગુરુવાર-શુક્રવારની રાત્રે ૨.૧૨ વાગે ભૂકંપના ઝટકા અનુભવાયા, રિએક્ટર સ્કેલ મેપ પર ભૂકપની તીવ્રતા ૨.૯ માપવામાં આવી. ભૂકંપનું કેન્દ્ર ૨૪૦ કીમી દુર હતુ,

## ભ્રષ્ટાચાર સામે સંઘવીનો સપાટો

# સંઘવીએ એક જ દિવસમાં ત્રણ અધિકારીઓને કરી દીધા ઘરભેગા

ગાંધીનગર,

ગુજરાત પોલીસમાં હવે ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને કર્મચારીની ખેર નથી. ગૃહ રાજયમંત્રી એ ગુજરાતના પોલીસ બેડામાં જ આજથી સફાઇ અભિયાન શરૂ કરી દીધું છે. એક જ દિવસમાં ત્રણ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પોલીસ વડા આશિષ ભાટિયા સાથે ગાઢ સંબંધ ધરાવતા PI જી.એચ. દહિયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હજુ પણ ૧૦થી ૧૨ ઉચ્ચ પોલીસ અધિકારીઓ રડારમાં હોવાની માહિતી સામે આવી છે. આ સિવાય ભરૂચના બે પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ થયા છે.

આજે હર્ષ સંઘવીએ ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પર તવાઈ બોલાવતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગૃહમંત્રીએ પોલીસ બેડામાં જ સફાઇ શરૂ કરી દીધી છે. જેમાં ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પર તવાઈ બોલાવી છે. આ સાથે જ આજના દિવસમાં ૩ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેમાં એક નામ ખુબ ચર્ચામાં છે તે છે પીઆઇ જી એચ દહિયા, આશિષ ભાટિયા પોલીસ કમિશનર હતા ત્યારે તેમના રીડર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પણ જી એચ દહિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

તેઓ સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા હતા. તેમની સામે કબૂતરબાજ ભરત પટેલ ઉર્ફે બોબી



પાસેથી રૂ.૩૦ કરોડ લીધા હોવાની થઇ હતી ફરિયાદ હતી. ફરિયાદના આધારે તેમની સામે તપાસ કરવામાં આવી હતી. વિભાગ પાસેથી પોલીસ અધિકારીઓના ટ્રેક રેકોર્ડ પણ મગાવવામાં આવ્યા હતા. જે પછી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### પોલીસ વડા આશિષ ભાટિયા સાથે ગાઢ સંબંધ ધરાવતા જી.એચ. દહિયાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં અવારનવાર ભ્રષ્ટાચારની ખબરો સામે આવતી રહે છે ખાસ કરીને સૌથી વધારે ભ્રષ્ટાચાર થતો હોય એવા વિભાગો હોય તો એમાં રાજયનો મહેસુલ વિભાગ અને ગૃહવિભાગ આ યાદીમાં સૌથી આગળ છે. અગાઉ સરકારના રિપોર્ટમાં પણ આ વાત સામે આવી ચુકી છે. ત્યારે વિકાસની વાત કરતી ભાજપ સરકાર માટે બેદાગ રહેવું ખુબ જરૂરી છે. જેને પગલે હાઈકમાન્ડ દ્વારા સરકારના મંત્રીઓથી માંડીને સરકારી ઉચ્ચઅધિકારીઓને પણ આ અંગે અગાઉથી જ કડક સુચનાઓ આપવામાં આવેલી છે કે ગુજરાતમાં ભ્રષ્ટાચારનો કોઈપણ મામલો સરકાર દ્વારા સાંખી લેવામાં નહીં આવે. કોઈપણ પ્રકારનો આક્ષેપ થતાં પણ સરકાર દ્વારા એ મામલાને ખુબ ગંભીરતાથી લેવામાં આવે છે.

# મુખ્યમંત્રી પટેલ ૧ ફેબ્રુઆરીથી સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો કરાવશે પ્રારંભ

ગાંધીનગર

સુજલામ સુફલામ જળઅભિયાનની સફળતાને પગલે માર્ચ-એપ્રિલના સ્થાને આ વર્ષે રાજ્ય સરકારે જળસંચય અભિયાનને ફેબ્રુઆરી - ૨૦૨૩ થી જ પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે ૧ લી ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ થી સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવશે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં મે - ૨૦૧૮ થી શરૂ થયેલી સુજલામ-સુફલામ જળ અભિયાનના અત્યાર સુધીમાં પાંચ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.જનભાગીદારી થકી યોજાયેલ આ અભિયાનમાં છેલ્લા પાંચ વર્ષમાં રાજયભરમાં જળસંગ્રહ માટેના ૭૪,૫૧૦ કામો પૂર્ણ થયા છે. જેના થી જળ સંગ્રહ ક્ષમતામાં ૮૬,૧૯૯ લાખ ઘનફુટ વધારો થયો અને રાજયના ૩૩ જિલ્લાઓમાં ૨૬,૯૮૧ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. ગત વર્ષ ૨૦૨૨માં સુજલામ સુફલામ જળ અભિયન દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધું ૧૭,૮૧૨ કામો પૂર્ણ થયા હતા. જેમાં ૨૦.૮૧ લાખ માનવદિનની રોજગારી શ્રમિકોને મળી હતી જ્યારે ૨૪ હજાર ૪૧૮ લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો હતો તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. મંત્રીએ કહ્યું હતુ કે, રાજય સરકારના મહત્વાકાંક્ષી અભિયાનને સ્થાનિક સ્તરે નાગરિકોનો પણ ખૂબ સહયોગ મળ્યો છે.

# કાપડના વેપારી સાથે કરોડોની છેતરપિંડી કરનાર પિતા અને બે પુત્રની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદમાં કાપડના વેપારી સાથે કરોડોની છેતરપિંડી કરનાર પિતા અને બે પુત્ર ની ધરપકડ કરવામા આવી છે. પિતા પુત્ર એ સાથે મળી ૨૧ જેટલા વેપારી પાસેથી માલ ખરીદી રૂપિયા ચૂકવ્યા વિના ફરાર થઈ ગયા હતા. આર્થિક ગુના નિવારણ શાખાએ ૩ આરોપીની સુરત થી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા પિતા અને તેના ૨ પુત્રોની છેતરપિંડીના ગુનામાં ધરપકડ કરી છે.આ ત્રણે લોકો ભેગા થઈને અનેક વેપારીઓ ને વિશ્વાસમાં રાખી ને છેતરપિંડી કરતા હોવાનુ સામે આવ્યું છે. જેમાં આરોપીઓ વકીલ માર્કેટ, રેવડી બજારમાં લવલી એન્ટર પ્રાઈઝ નામની ઓફીસ ખોલીને અન્ય વેપારીઓને



વિશ્વાસમાં લઈ ને છેતરપિંડી કરેલ હોવાનુ સામે આવ્યું છે.

આ આરોપીઓ વેપારીઓ પાસે થી ૪ કરોડ ૭૫ લાખ ૫ હજાર ની રેયોન બેઝ લેડીઝ કુર્તી મટીરીયલની ખરીદ કરી ૨ કરોડ ૯ લાખ નહિ ચૂકવી છેતરપિંડી કરી હોવાનુ સામે આવ્યું છે.પોલીસે વિનુ વનરા અને તેના ૨ પુત્રો શની વનરા અને નિકુલ વનરા ની ધરપકડ કરી લીધી છે.પોલીસ તપાસ મા સામે આવ્યુ કે, પિતા અને તેના પુત્ર વર્ષ ૨૦૨૧ થી લવલી એન્ટરપ્રાઇઝ ના નામે ૪.૭૫ કરોડ થઈ વધુ નો માલસામાન ખરીદી ૨.૦૯ કરોડ રૂપિયા ચૂકવ્યા ન હતા.જેથી અરજદારો દ્વારા અલગ અલગ પોલીસ મથકે અરજીઓ આપવામાં આવી હતી.પરંતુ અરજીઓનો આંકડો કરોડોની પાર થતાં આર્થિક ગુના નિવારણ શાખા એ તપાસ સંભાળી હતી.

# સીંગતેલ અને કપાસિયા તેલમાં ભાવ વધારો

### મોંઘવારીના માર વચ્ચે વધુ એક ફટકો: બે દિવસમાં ડબ્બાના ભાવમાં રૂપિયા ૩૦નો ભાવ વધારો

અમદાવાદ,

મોંઘવારીના માર વચ્ચે વધુ એક ફટકો લાગ્યો હોય તેમ સીગતેલમાં બે દિવસમાં રૂપિયા ૩૦નો વધારો થયો છે. સીગતેલના ૨૭૦૦ ડબ્બાના ભાવ રૂ.૨૭૩૦ થયા અને કપાસિયા તેલમાં રૂપિયા ૫ નો વધારો થયો છે. છેલ્લા કેટલાક મહિનાઓ બાદ ફે એકવાર સીગતેલ અને કપાસિયા તેલમાં ભાવ વધારો થયો છે. વિગતો મુજબ ખાધ્યતેલમાં બે દિવસમાં રૂપિયા ૩૦નો વધારો છે. જેમાં નવા તેલની આવક વચ્ચે ભાવ વધારો નોંધાતા મધ્યમ વર્ગને વધુ એક ફટકો પડ્યો છે. વિગતો મુજબ કપાસિયા તેલના ડબ્બામાં ૫ રૂપિયાનો વધારો તો સીગતેલના ડબ્બામાં રૂપિયા ૨૦નો વધારો થયો છે. જેને લઈ હવે સીગતેલના ડબ્બાનો ભાવ વધીને ૨



હજાર ૭૨૦ થયો છે. બે દિવસમાં સીગતેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો થયો છે. તો અહી નોંધનીય છે કે, છેલ્લે વર્ષ ૨૦૨૨ના લગભગ ડિસેમ્બર મહિનામાં તેલના ભાવમાં વધારો થયો હતો. જેમાં તે સમયે સિંગતેલના ભાવમાં ડબ્બામાં ૨૦થી ૩૦ રૂપિયાનો વધારો થતાં સિંગતેલના ડબ્બાનો ભાવ ૨ હજાર ૬૬૦થી વધી ૨ હજાર ૭૦૦ રૂપિયા સુધી પહોંચ્યો હતો.

# દારૂ પીને ST ચાલવતાં ડ્રાઈવર, અનિયમિત કંડકટર્સ થશે ઘર ભેગા

### ST વિભાગ દારૂ પીને ગાડી ચલાવનારા ડ્રાઈવરો, ફરજમાં અનિયમિતતા દાખવનારા કંડકટરો સામે કડક પગલા લેશે

સુરત,

શહેરમાં ST વિભાગે દારૂ પીને ગાડી ચલાવનારા ડ્રાઇવરો તેમજ ફરજમાં અનિયમિતતા દાખવનારા કંડકટરોની સામે કડક પગલા લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા બે મહિનામાં એસટી વિભાગે બે મહિલા સહિત ૧૧ કંડકટરોને બરતરફ કર્યા છે, જ્યારે દારૂ પીને ડ્રાઇવિંગ કરનારા તેમજ અન્ય બેદરકારી દાખવનારા ૧૫ કર્મચારીને પણ સસ્પેન્ડ કરાયા છે.ST વિભાગે બારડોલીના કંડકટર એમ.એસ. માંજરી, ઓલપાડના બી.કે. પટેલને કેફી દ્રવ્યનું સેવન કરી ફરજ પર આવવા બદલ સ્પેન્ડ કર્યા હતા. આ ઉપરાંત ઝેડ.જી. પઠાણ, એચ.એમ. ગામીત તેમજ આર.એમ. જોષીને મેઇન્ટેનન્સની કામગીરી યોગ્ય રીતે નહીં કરવા બદલ સસ્પેન્ડ કર્યા છે. આ સાથે જ બીજા ૧૧ લોકોને પણ સસ્પેન્ડ કરાયા છે. આ ઉપરાંત બે મહિનાથી ગેરહાજર રહેનાર કંડકટરો મોસમબેન ચૌધરી, ધવકલુમાર નાયકા, અશ્વિન ચૌધરી, સચિનકુમાર પટેલ, ધરતી ચૌધરી, કેતનકુમાર પ્રજાપતિ, કેતનકુમાર પટેલ, કેતનકુમાર ઠાકર, સુહાગકુમાર સથવારા, મનિષકુમાર સોલંકી અને સચિન જોષીને ફરજ ઉપરથી બરતરફ કરાયા છે.

મહત્ત્વની વાત છે કે, છેલ્લા બે મહિનાથી અનેક કંડકટરો તેમજ ડ્રાઈવરો પોતાની ફરજ યોગ્ય રીતે કરતા ન હતા. મેઈન્ટેનન્સ હોય કે પછી ડ્રાઈવિંગ હોય, તેવી તમામ કામગીરીમાં નશીલા પ્રદાર્થના સેવનથી અન્ય મુસાફરોને હેરાનગતિ થઇ રહી હતી. આવી ફરિયાદો એસટી વિભાગને મળી હતી. તેથી એસટી વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. એસટી વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ફરજમાં બેદરકારી હોય કે પછી ગેરરીતિ કરતા હોય તેવા તમામ કર્મચારીની સામે દંડાત્મક અને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

# પાવાગઢમાં હવે નિજ મંદિર સુધી પહોંચવા પગથિયાં ચઢવા નહિ પડે

પંચમહાલ,

સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શને આવતા ભક્તો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં સીધા નિજ મંદિર પહોંચવા માટે ૨ લિફ્ટ બનાવવામાં આવશે. છાસિયા તળાવથી મંદિર પરિસર સુધીની લિફ્ટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂપિયા ૨૦ કરોડના ખર્ચે બે લિફ્ટ બનાવવામાં આવશે. ૭૦ મીટરની ઊંચાઈ ધરાવતી હાઇસ્પીડ લિફ્ટમાં ૨૦ વ્યક્તિની કેપેસિટી રહેશે.

પાવાગઢ ખાતે બનાવવામાં આવતી લિફ્ટમાં દર્શને આવતા દિવ્યાંગો અને સિનિયર સિટીઝનોને પ્રાથમિકતા આપવામાં આવશે. યાત્રાળુઓને હવે નિજ મંદિર સુધી પહોંચવા માટે પગથિયાં નહિ ચઢવા પડે. અગાઉ રોપ-વેમાંથી ઉતર્યા બાદ પણ ૪૫૦ જેટલા પગથિયાં ચડવા પડતા હતા. લિફ્ટનું કામ અમદાવાદની ખાનગી એજન્સીને કામ આપવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર સહિત મંદિરના ટ્રસ્ટીગણના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે રાજ્ય કક્ષાની તૃતીય આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં રાજયભરમાંથી ૨૯૦ ઉપરાંત સ્પર્ધક યુવાનો અને યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સ્પર્ધકોને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

રાજયમાં સાહસિક રમતો અને રમત-ગમતની સંસ્કૃતિનો વધુ વિકાસ કરવાના સરકારના પ્રયાસ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી.

# એશિયાટીક સિંહ ૧૪૩ વર્ષ પછી બરડા અભયારણ્યમાં ફરી દેખાયો

### આ અદભૂત ઘટનાક્રમ બરડાને ગીરના સિંહોના બીજા ઘર તરીકે સ્થાપિત કરે છે: પરિમલ નથવાણી

અમદાવાદ,

જાન્યુઆરી ૧૯, ૨૦૨૩: બરડા વન્યજીવ અભયારણ્યમાં રેડિયો કૉલર લગાવેલા નર સિંહે દેખા દેવાની સાથે, ગુજરાત અને ભારતના ગર્વ એવા એશિયાટીક સિંહોએ પોરબંદર નજીક બરડા વન્યજીવ અભયારણ્યમાં પોતાનું નવું અને બીજું ઘર શોધી લીધું છે. બરડામાં સિંહ છેક સન્ ૧૮૭૯માં છેલ્લે દેખાયો હોવાનું નોંધવામાં આવ્યું હતું, તેમ ગીર સિંહોના પ્રેમી અને ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સલાહકાર સમિતિના સભ્ય અને રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું. શ્રી નથવાણીએ માહિતી આપી હતી કે લગભગ સાડાત્રણ વર્ષની ઉંમરનો નર સિંહ જાન્યુઆરી ૧૮,





૨૦૨૩ના રોજ બરડા અભયારણ્યમાં પ્રવેશ્યો હતો. આ સિંહ પોરબંદર વન્યજીવ વિભાગની રાણાવાવ રેન્જમાં રાણાવાવ રાઉન્ડની મોટા જંગલ બીટમાં દેખાયો હતો. આ નર સિંહને પ્રથમ વખત ઓક્ટોબર ૩, ૨૦૨૨ના રોજ પોરબંદર વન્યજીવ વિભાગના માધવપુર રાઉન્ડમાં જોવામાં આવ્યો હતો. દરીયાકાંઠાના જંગલો અને ખરાબામાં વિવિધ રહેણાંકોમાં લગભગ ત્રણ મહિના વિતાવ્યા બાદ આ નર સિંહ બરડા વન્યજીવ અભયારણ્યમાં પ્રવેશ્યો હતો. આ સિંહ પર દેખરેખ રાખવા માટે ગુજરાતના વન વિભાગ દ્વારા ઓક્ટોબર ૨૯, ૨૦૨૨ના રોજ તેને રેડિયો કૉલર લગાવવામાં આવ્યો હતો, એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.

નોંધપાત્ર છે કે 'પ્રોજેક્ટ લાયન: લાયન@૪૭ વિઝન ફોર અમૃતકાલ' દસ્તાવેજ અનુસાર, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતના બરડા વન્યજીવ અભયારણ્યની એવા સંભવિત સ્થાન તરીકે ઓળખ કરીને ચકાસણી કરવામાં આવી છે જ્યાં ૪૦ વયસ્ક અને સબ-વયસ્ક સિંહો કુદરતી ક્રમમાં છૂટા પડીને બરડા-આલેચ ટેકરીઓ અને દરીયાકાંઠાના જંગલોમાં રહી શકે.

"માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગિરના સિંહોના મહત્વને જાણ્યું હતું અને આ કિમતી વન્યજીવની સમૃધ્ધિ માટેનો રોડમેપ તૈયાર કર્યો હતો. સિંહ અને વન્યજીવ પ્રેમી તરીકે હું ખૂબ જ ખુશ છું કે એશિયાટીક સિંહો કુદરતી રીતે ગુજરાતમાં જ અલગ થઈ રહ્યા છે અને તેમાંથી એક પોતાની મેળે જ કુદરતી રીતે બરડા વન્યજીવ અભયારણ્યમાં પહોંચ્યો. મને આશા છે કે ગુજરાતના વન વિભાગ અને સ્થાનિક સમુદાયોની સંયુક્ત દેખરેખ હેઠળ થયેલા સિંહના કુદરતી અને આપમેળે જ થયેલાં સ્થળાંતરને પ્રોજેક્ટ લાયન હેઠળ ભારત સરકાર અને પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા વધારે પ્રોત્સાહન આપવામાં અને મજબૂત બનાવવામાં આવશે," એમ સાંસદ (રાજયસભા) અને ડાયરેક્ટર- કોર્પોરેટ અફેર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

# અમરેલીની વડી સિંચાઈ યોજનામાં સૌની યોજના અંતર્ગત પાણી ભરો

## ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાની માંગ : નાયબ દંડક કૌશિક વેકરિયાને પત્ર પાઠવ્યો



મિલાપ રૂપારેલ અમરેલી, તા.

અમરેલીશહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાએ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખી જણાવેલ છે કે, અમરેલી તાલુકામાં આવેલ વડી સિંચાઈ યોજના અંતર્ગત ૨૦૦૦થી વધુ ખેડૂતોની ૨૭૦૦ હેકટરથી વધુ ખેતીની જમીનને આવરી લેવામાં આવે છે. હાલ આ યોજના દ્વારા રવિ પાક પીયત માટે સિંચાઈનું પાણી આપવાનું ચાલુ છે અને આ પીયતનું પાણી આપ્યા બાદ આ ડેમમાં પાણીનો જથ્થો અંદાજિત ૨૦% જેટલો બચી શકશે પરંતુ આ ડેમમાં જો સૌની યોજનાનું પાણી ભરવામાં આવે તો આગામી ખરીફ પાકના આગોતરા વાવેતર માટે ઓરવાણનું પીયત આપી શકાય પરિણામે હજારો હેકટર જમીનમાં પીયતની સગવડતા પુરી પાડી શકાશે જેના લીધે ખેડૂતો મોટા પ્રમાણમાં કપાસ, મગફળી, તલ, કઠોળ વગેરે જેવા ખરીફ પાકોનું આગોતરૂં વાવેતર કરીને મોટા પ્રમાણમાં ઉત્પાદન લઈ શકે તેમ છે. જેના લીધે ખેડૂતોને ખુબ મોટો આર્થિક ફાયદો થઈ શકે તેમ છે. માટે વડી સિંચાઈ યોજનામાં સૌની યોજનાનું પાણી ભરવા માટે યોગ્ય ઘટતું કરવા પત્રના અંતમાં વિનંતી કરી છે.

# અમરેલીમાં બની રહેલ નવા બસપોર્ટનો પ્રારંભ કરો

## છેલ્લા પાંચેક વર્ષથી ગોકળગાયને પણ શરમ આવે તેરીતે ચાલતી કામગીરીથી બસપોર્ટ શરૂ થઈ શકતું નથી



અતુલ કારીયા અમરેલી, તા.

અમરેલીનાં હયાત બસ સ્ટેન્ડનાં સ્થળે છેલ્લા પાંચેક વર્ષથી બસપોર્ટની કામગીરી શરૂ હોય નિયત સમય મર્યાદામાં બસપોર્ટનું નિર્માણ થયું નથી ને બીજી તરફ હંગામી બસ સ્ટેન્ડમાં મુસાફરો માટેની કોઈ સુવિધા ન હોવાથી મુસાફરવર્ગમાં નવા બસપોર્ટનો ઝડપથી પ્રારંભ થાય તેવી માંગ ઉભી થઈ છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ગોકળગાયની ગતિને પણ શરમ આવે તે રીતે બસ પોર્ટની કામગીરી થઈ રહી છે. બીજી તરફ હંગામી બસ સ્ટેન્ડમાં ઉડતી ધુળની ડમરીઓ, શૌચાલયની નર્કાગારની સ્થિતિ, ડ્રાઈવર-કંડકટરનાં આરામ માટેનાં રૂમની ભંગાર હાલત, ખિસ્સાકાતરૂઓની સમસ્યાથી મુસાફરવર્ગ ત્રાહીમામ હોય નવનીયુકત ધારાસભ્ય અને સાંસદે હંગામી અને નિર્માણ થયેલ બસપોર્ટની મુલાકાત લઈને યુધ્ધનાં ધોરણે બસપોર્ટનો પ્રારંભ કરાવવો જોઈએ તેવી માંગ ઉભી થઈ રહીછે.

## પોલીસ સમાચાર

### રાજુલાનાં છતડીયા ગામે કાર ચાલકે હડફેટે લેતા કાકાની નજર સામે ભત્રીજીનું મોત

અમરેલી, તા.

રાજુલા ગામે રહેતા કિરણભાઈ ઉર્ફે કૌશિકભાઈ બચુભાઈ શિયાળ નામનાં ૨૧ વર્ષીય યુવક ગત તા. ૧૮નાં રોજ રાત્રીનાં ૧૦ વાગ્યાનાં સમયે પોતાના મોટાભાઈ હાર્દિકભાઈની ૩ વર્ષીય પુત્રી ઉર્વશીબેને આઈસ્કીમ ખાવાની જીદ કરતા કાકા કિરણભાઈ તથા હમીરભાઈ મહેશભાઈ સાથે પોતાના મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એએન ૬૩૦૫ ઉપર આઈસ્કીમ ખાવા ગયા બાદ પરત પોતાના ઘર તરફ આવતા હતા ત્યારે સામેથી આવતી ફોર વ્હીલ નં. જી.જે.-૧૪ એએ ૭૨૭૦નાં ચાલકે આ બાઈક સાથે ધડાકાભેર અથડાવી દેતા બાઈકમાં બેઠેલ બાળકી સહિત ત્રણેય નીચે ફંગોળાઈ જતાં બાળકીસહિત ત્રણેયને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવતા ફરજ પરનાં તબીબે બાળકીને મરણ પામેલ જાહેર કરેલ હતી. આ બનાવ અંગે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ચમારડી ગામે અગમ્ય કારણોસર યુવકે ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા.

બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતા હરસુરભાઈ કાકુભાઈ ચારોલીયા નામના ૨૦ વર્ષીય યુવકે ગત તા. ૧૮ના રોજ સાંજે પોતાના બાપુજીએ ભાગવી રાખેલ વાડીએ જીરૂમાં પાણી વાળવા ગયેલ. ત્યારે કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે વાડીની બાજુમાં આવેલ પીપળના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જમણવારમાં ટીફીન ભરવા બાબતે ડખ્ખો થતાં યુવકને ઢીકાપાટુ, મહિલાને છરી ઝીંકી

અમરેલી, તા.

સાવરકુંડલા ગામે રહેતા પ્રવિણભાઈ દેવેન્દ્રભાઈ વાઘેલાના ભાઈ પ્રદિપભાઈને તે જ ગામે રહેતા ગોવિંદભાઈ ધનુભાઈ ડેડાણીયા સાથે જમણવારમાં ટીફીન ભરવા બાબતે બોલાચાલી થયેલ. તે વાતનું મનદુ:ખ રાખી સામાવાળા ગોવિંદભાઈ ડેડાણીયા સહિત ૪ લોકોએ પ્રદિપભાઈને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી તથા તેમના બહેનને છરી હાથની હથેળીમાં મારી ૧૦ ટાંકા આવે તેવી ઈજા કર્યાની ફરિયાદનોંધાઈ છે.

## અવસાન નોંધ

અમરેલી : ઠા. હિંમતલાલ જગજીવનદાસ ભીમજીયાણી (ચલાલાવાળા) (ઉ.વ.૮૫) તે તરૂણભાઈ તથા છાયાબેન માધવાણીના પિતાજી તેમજ રવિભાઈ તથા ધાર્મિકભાઈના દાદાનું ગુરૂવારે અવસાન થયેલ છે.સદ્ગતની પ્રાર્થનાસભા તા.૨૦ને શુક્રવારના બપોરે ૩ થી ૫ સુધી સંઘવી ધર્મશાળા, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી ખાતે રાખેલ છે.

# બાબરા : લુણકી નજીક કાર અને ટ્રક વચ્ચે વ્હેલી સવારે અકસ્માત

## ઈંગોરાળાનાં કાર ચાલક યુવકનું ઘટના સ્થળે મોત



અમરેલી, તા.

બાબરા-અમરેલી સ્ટેટ હાઈવે રોડ પર વહેલી સવારે ઈંગોરાળા અને લુણકી ગામની વચ્ચે અલ્ટો કાર અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જતા કારચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા બાબરા પોલીસ તેમજ ૧૦૮ અકસ્માત સ્થળે દોડી ગઈ હતી અને મૃતક યુવાનને બાબરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાની વિગત અનુસાર બાબરા તાલુકામાં ઈંગોરાળા ગામે રહેતા દ્વારકેસભારથી હસમુખભારથી (ઉ.વ. ૩૦) પોતાની કાર નંબર જી.જે. ૫સી.ઈ. ૫૭૪૭લઈ વહેલી સવારે પોતાના ગામ તરફ આવી રહ્યો હતો ત્યારે લુણકી અને ઈંગોરાળા ગામની વચ્ચે અમરેલી તરફથી આવી રહેલ ટ્રક નંબર જી.જે.૧૪ ઝેડ. ૬૬૧૩ના ચાલકે જોરદાર ટક્કર મારતા કારનો બુકડો બોલી ગયો હતો અને કાર ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. બાબરા પોલીસ દ્વારા ટ્રકને ડિટેઈન કરી ફરારટ્રક ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ મનોજભારથી પ્રભાતભારથી ગોસ્વામી દ્વારા પોલીસમાં નોંધાવેલ છે. અકસ્માતના બનાવની તપાસ પીઆઈ આર.ડી. ચૌધરી ચલાવી રહ્યા છે. મરનાર યુવક દ્વારકેસભારથી અને લાલા તરીકે જાણીતા પરિણીત હતા અને પાંચ વર્ષના બે બાળકો છે તેમજ ગામમાં સસ્તા અનાજની દુકાન ચલાવી ખેતીવાડી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ બનાવથી ઈંગોરાળા ગામમાં અરેરાટી ફેલાય ગઈ છે.

# ખાંભાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી ફિઝિયોથેરાપીનાં સાધનો ગાયબ થઈ ગયા

અમરેલી, તા.

ગુજરાતના પછાત તાલુકામાં ગણાતા ખાંભા તાલુકાના ૫૭ ગામોમાં અકસ્માત બાદ દર્દીઓ ઘૂંટણ તથા સાંધાના દુ:ખાવાના દર્દીઓ સહિતના દર્દીઓની વ્યાપક સંખ્યા હોય તેવા તમામ દર્દીઓ ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપિસ્ટની સારવાર માટે આવે છે ત્યાં ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપીસ હોવા છતાં કસરતના અને ફિઝિયોથેરાપીની સારવારના સાધનો ન હોવાથી આસપાસના રાજુલા, ઉના, કુંડલા, અમરેલી સારવાર માટે જવું પડે છે. ગરીબઅને મધ્યમ વર્ગની વસ્તી ધરાવતા ખાંભાના દર્દીઓને ફિઝિયોથેરાપિસ્ટની સારવાર માટે આર્થિક રીતે ન પહોંચાતું હોવા છતાં મોંઘા ભાડા ખર્ચીને અને જરૂર પડયે મોંઘા ભાડાની ફોરવલી બાંધીને સારવાર લેવા જવું પડતું હોય.

ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપિસ્ટની સારવારના ડાયાથર્મી આઈ.એફ.ટી. ટેન્સ અલ્ટ્રા સાઉન્ડ મસલ સિમ્યુલેટર, સીપીએન, લંબર ટ્રેકશન, સોલ્ડર વીલ, સોલ્ડર પુલી, સ્ટેટીડ સાયકલ, પેરેલલ બાર, મિરર વુડન ટ્રીટમેન્ટ બેડ, સ્ટેન્ડ બેગ, ડમ્બલ્સ, જેલ એકસેરસાઈઝ બોલ, ફિંગર ગ્રીપર, બોલ્સ્ટર, થેરો બેન્ડ સહિતના સારવારના સાધનો ફાળવવા ૨૦૦૫માં ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઉપરોકત સાધનો હતા હાલ આ તમામ સાધનો સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી ગુમ થયેલ હોય તેની તપાસ કરી કસુરવારો સામે કાર્યવાહી કરવી જરૂરી બની છે.

ઉપરોકત મુદા સહિતની રજૂઆતો ધ્યાને લઈ ખાંભાને ફિઝિયોથેરાપિસ્ટના સાધનો ત્વરિત ફાળવી દર્દીઓને સારવાર મળે તેવા પગલાલેવા મુખ્યમંત્રીને પત્ર પાઠવીને આર.ટી.આઈ. એકટીવીસ્ટ ભીખુભાઈ બાંટાવાળાએ રજૂઆત કરી છે.

# મોરબી જીલ્લાના ચુંટાયેલા ધારાસભ્યોને સવજીભાઈ ધોળકીયાની ટકોર

## પાંચ વર્ષમાં એવા કામ કરો કે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગવા જવું ન પડે, અને દિલ્હીમાં તમારી જરૂર પડે




સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૦

મોરબીના શનાળા ગામે આવેલ પટેલ સમાજ વાડીમાં મોરબી સીરામીક એસો. સહિતના ઔધોગિક એસોસિએશન દ્વારા જિલ્લાના પાંચેય ધારાસભ્યોનો સન્માન સમારોહ રાખવામા આવ્યો હતો જેમાં સફળ ઉદ્યોગપતિ અને મોટીવેશનલ સ્પીકર સાવજીભાઈ ધોળકિયા દ્વારા પાંચેય ધારાસભ્યોને એવિ ટકોર કરવામાં આવી હતી કે આગમી પાંચ વર્ષમાં પ્રમાણિક્તા સાથે એવા કામ કરો કે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગવા જવું ન પડે.

મોરબી સીરામીક એસો., પેપર મિલ એસ. સહિતના ઉદ્યોગીક એકમો દ્વારા મોરબી જીલ્લાના પાંચ ધારાસભ્ય જેમાં મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારાના ધારાસભ્ય દુલર્ભજીભાઈ દેથરીયા, વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, હળવદના ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા અને કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાનો સન્માન સમારોહ રાખવામા આવ્યો હતો ત્યારે મોરબી જિલ્લા પ્રભારી મંત્રી અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સાંસદ વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જયંતિભાઈ કવાડીયા, મોરબી જિલ્લા ભાજપના મહામંત્રી રણછોડભાઈ દલવાડી, મોરબી શહેર ભાજપના પ્રમુખ લાખાભાઈ જારીયા, સહિતના આગેવાનો અને હોદેદારો હાજર રહ્યા હતા તેમજ મોટી સંખ્યામાં મોરબીના ઉદ્યોગકારો સહિતના લોકો હાજર રહ્યા હતા

આ તકે મોરબી સીરામીક એસો.ના પ્રમુખ મુકેશભાઈ કુંડારિયા, હરેશભાઈ બોપલિયા, કિરીટભાઈ ઓગણજા અને વિનોદભાઈ ભડજા તેમજ પેપર મિલ એસો.ના પ્રમુખ વિપુલભાઈ કરોડિયા સહિતના આગેવાનો અને તેની ટિમ દ્વારા પાંચેય ધારાસભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું તેની સાથો સાથ જુદાજુદા જ્ઞાતિ, સમાજ અને સંગઠનો દ્વારા ધારાસભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સુરતના હીરાના સફળ ઉધોગપતિ અને મોટીવેશનલ સ્પીકર સવજીભાઈ ધોળકિયાએ પોતાની શૈલીમાં અહીના ઉદ્યોગકારોને ખોટા કામ ન લઈને જવા માટેની ટકોર કરી હતી તો ધારાસભ્યોને જે જવાબદારી લોકોએ આપેલ છે તેને ધ્યાનેરાખીને એટલું જ કહ્યું હતું કે, પાંચ વર્ષ પ્રમાણિક્તાથી કામ કરજો એટ્લે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગશો નહીં તો પણ આપવામાં આવશે એથી આગળ વધીને કહ્યું હતું કે, દિલ્હીમાં પણ આપોઆપ તમારી જરૂરિયાત ઉભી થઈ જશે

# ચલાલાનાં ગૌરવસમી હાઈસ્કૂલનું મકાન પડવા વાંકે ઉભું છે

## આઝાદી પહેલાનાં સમયમાં જે હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી અને વર્ષો સુધી શ્રેષ્ઠ શિક્ષણ આપતી શાળાની હાલત અતિ દયનીય



અમરેલી,

સરકાર દ્વારા શિક્ષણના વ્યાપને વધારવાની ગુલબાંગો વચ્ચે ચલાળાની ગાયકવાડ વખતની હાઈસ્કુલ જર્જરીત ભૂતિયા મહેલની માફક ઊભી છે અને ૪૦ ગામડાઓને આશીર્વાદરૂપ ગણાતી હાઈસ્કૂલનું શૈક્ષણિક કાર્ય ખોરંભે ચડી ગયું છે.

જિલ્લાના ચલાલાની આર.કે.એમ. હાઈસ્કૂલ ૧૯૪૨ માં સ્થાપના થઈ હતી અને ૧૯૬૦માં આ બિલ્ડિંગનું નિર્માણ થયું હતું. અગાઉ ધોરણ ૮, ૯, ૧૦ અને હાયર સેકન્ડરીના ૧૧ અને ૧૨ સુધીના ૧૦ ઉપરાંતના વર્ગો આ બિલ્ડિંગમાં ચાલુ હતા. ૩૦ થી ૩૫ હજારની વસ્તી ધરાવતા ચલાલા શહેરમાં એકમાત્ર હાઈસ્કૂલમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ કરતા હતા. પરંતુ કર્મની કઠણાઈ કે સરકારી તંત્ર દ્વારા ગ્રાન્ટેડ હાઈસ્કુલને યોગ્ય પ્રોત્સાહન ન મળતા શાળાનું બિલ્ડીંગ જર્જરીત થવા માંડયું અને સમય વીતતા ધોરણ ૮ને પ્રાથમિક શાળામાં સમાવેશ કરતા ધોરણ ૯ અને ૧૦નાં વર્ગો ચાલુ રહ્યા. જયારે પહેલા આજ બિલ્ડીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૩૮ જેટલા શિક્ષકોનો સ્ટાફ ધરાવતી આ હાઈસ્કૂલમાં જર્જરિત બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓએ શાળામાં આવવાનું ભયના કારણે બંધ કરતા ગયાઅને ધોરણ ૧૧ અને ૧૨ સરકાર દ્વારા બંધ કરી દેવાતા હાલ માત્ર ધોરણ ૯ અને ૧૦ બાજુના બિલ્ડિંગમાં સંસ્થા દ્વારા કાર્યરત રાખીને શૈક્ષણિક કાર્ય શરૂ છે. જયારે ૩૦ થી ૩૫ જેટલા ગામડાઓ માટે આશીર્વાદરૂપ ગણાતી આ હાઈસ્કૂલના ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને અમરેલી, ધારી, સાવરકુંડલા જેવા સેન્ટર ઉપર અભ્યાસ કરવા જવાની મજબૂરી ઊભી થઈ હોય અને હાલનું જર્જરીત ગાયકવાડ વખતનું બિલ્ડીંગના ઓરડાઓ સ્લેબમાંથી જ ધરાશાહી થઈને નીચે પડયા હોય. ત્યારે સરકાર આ ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલને ફરી પ્રોત્સાહન આપે તો ચલાલા શહેર અને ૩૦ થી ૩૫ જેટલા ગામડાઓના વિદ્યાર્થીઓની અભ્યાસની ઝંખનાઓ પરિપૂર્ણ થાય તેવું વિદ્યાર્થીઓના વાલી ઈચ્છી રહ્યા છે.

# મોરબીમાં અકસ્માતનો ભોગ બનેલ દર્દીને મદદ કરનારનુકલેકટર-ડીવાયએસપીના હસ્તે સન્માન



સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૦

માત્ર મોરબી જ નહિ સમગ્ર દેશમાં પ્રતિદિન રોડ અકસ્માત થતા રહે છે જે રોડ અકસ્માતમાં નિર્દોષ માનવ જિંદગી હોમાતી જાય છે ત્યારે મોરબીના સેવાભાવીએ રોડ અકસ્માતમાં ઘવાયેલા દર્દીને તુરંત હોસ્પિટલ પહોંચાડી માનવીય સહાયતા કરી હોય જે બદલ જીલ્લા કલેકટર અને ઈન્ચાર્જ એસપીના હસ્તે સન્માન કરાયું હતું

મોરબી જીલ્લા કલેકટર જી ટી પંડ્યા અને ઈન્ચાર્જ એસપી પી એસ ગોસ્વામીના હસ્તે મોરબીના સેવાભાવી સંજયભાઈ મહીપતભાઈ શેઠને સર્ટીફીકેટ અર્પણ કરી સન્માન કરાયું હતું સંજયભાઈ શેઠ દ્વારા રોડ અકસ્માતના દર્દીને તુરંત મેડીકલ સહાયતા મળે તે માટે હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી જે ઉમદા કાર્ય બદલ તેમનું સન્માન કર્યું હતું તેમજ અન્ય નાગરિકો પણ રોડ અકસ્માતના દર્દીઓને તાકીદે સારવાર મળે તે માટે જરૂરી મદદ કરે તેવી અધિકારીઓએ અપીલ કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot.
Published at Narayan Arcde, 2nd floor, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# શિક્ષણ ક્ષેત્રે અનેક ફેરફારો કરવા ભારત સરકાર મક્કમ

શાળાઓ અને કોલેજોમાં શિક્ષણ માટેની નવી નીતિ તૈયાર કરવામાં આવી છે. ભારત સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૩ શરૂ કરી છે, જે અંતર્ગત સરકારે શિક્ષણ નીતિમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. જે અંતર્ગત ભારતને વૈશ્વિક જ્ઞાન મહાસત્તા બનાવવામાં આવશે અને હવે માનવ સંસાધન પ્રબંધન મંત્રાલય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાશે. શાળા શિક્ષણમાં ૧૦૦% GR સાથે, પૂર્વ-શાળા માધ્યમિક શાળા સુધી શિક્ષણનું સાર્વત્રિકકરણ કરવામાં આવશે, અગાઉ ૧૦+૨ ની પેટર્ન અનુસરવામાં આવતી હતી. પરંતુ હવે નવી શિક્ષણ નીતિ હેઠળ ૫+૩+૩+૪ પેટર્ન ફોલો હશે. અને આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઘોષણાપત્રમાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

જૂન ૨૦૨૧ થી National Education Policઅ ની સફળતા પર દેખરેખ રાખવા માટે લાઈવ ડેશબોર્ડ શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ, કોલેજ અને યુનિવર્સિટી સ્તરે નીતિગત ફેરફારો અમલીકરણ પછી ઉમેરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા ૧૮૧ કાર્યોની ઓળખ કરવામાં આવી છે, જે શિક્ષણ નીતિ હેઠળ પૂર્ણ કરવાના રહેશે.

અંડરગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ કોર કોર્સમાં વિષય વિકલ્પ, પ્રાદેશિક ભાષા શ્રેષ્ઠ શિક્ષણ, યુનિવર્સિટીની ડિગ્રીમાં પ્રવેશ અને ઉપાડની સુવિધા, ક્રેડિટ બેંક સિસ્ટમ વગેરે સમાવેશ થાય છે. કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવાની સરકારો દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના એક્શન ૧નો અભ્યાસ કરવા અને પડકારોને સરળ બનાવવા માટે એક ટાસ્ક ફોર્સની સ્થાપના કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા માસિક અને ત્રિમાસિક ધોરણે ડેશબોર્ડની સ્થાપના કરવામાં આવશે. દરેક ક્રિયાને મોનિટર કરવા અને ટ્રેક કરવા માટે એક મર્યાદા નક્કી કરવામાં આવશે જેની માહિતી રાજ્ય એજન્સીને આપવામાં આવશે. ભારતની નવી શિક્ષણ નીતિ ખાસ કરીને ચાર તબક્કામાં કામ કરશે, જેમાં ૫ + ૩ + ૩ + ૪ ની પેટર્નનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના શિક્ષણને આગળ વધારવામાં આવશે. આ નવી પેટર્ન હેઠળ ૧૨ વર્ષનો શાળાકીય અભ્યાસ અને ૩ વર્ષનો શાળાકીય અભ્યાસ સામેલ છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૨ સરકારી અને ખાનગી શાળા સંસ્થાઓ બંને દ્વારા અનુસરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે જીડીપીના ૬% ખર્ચ કરવામાં આવશે.સંસ્કૃત અને ભારતની અન્ય પ્રાચીન ભાષાઓનો અભ્યાસ કરવાનો વિકલ્પ પણ હશે, વિદ્યાર્થીઓ ઈચ્છે તો અન્ય ભાષાઓનો અભ્યાસ કરી શકે છે.બોર્ડની પરીક્ષાઓમાં પણ ફેરફાર કરવામાં આવશે, એવું બની શકે છે કે વિદ્યાર્થીઓ પર બોજ ઘટાડવા માટે બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવે.અભ્યાસને સરળ બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે.ઉચ્ચ શિક્ષણમાંથી એમફીલની ડિગ્રી નાબૂદ કરવામાં આવી રહી છે.મેન સિવિલિસમાં વધારાની પરિપત્ર પ્રવૃત્તિઓ મૂકવામાં આવશે.વિદ્યાર્થીઓને ચાઈનીઝ ભાષા શીખવવામાં આવશે જેનો નિર્ણય રાજ્યો પોતાના સ્તરે કરશે.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે. ધોરણ ૧ના પ્રવેશમાં વય મર્યાદા ૬ વર્ષ રાખવાનો મુદ્દો કેન્દ્ર સ્થાને છે. ગુજરાત રાજ્યમાં આગામી સમયમાં નવી ભરતી થવાની સંભાવના છે. આ ઉપરાંત જી-૨૦ના આયોજન અંગે પણ વાતચીત થઈ શકે છે. ધોરણ ૧માં પ્રવેશ અંગે થઈ શકે છે નિર્ણય ગુજરાતમાં રાજ્યમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને વિવિધ મુદ્દે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક યોજાવાની છે. આ બેઠકમાં રાજ્યમાં નવી શિક્ષણ નીતિના મુદ્દે ચર્ચા થશે. આ બેઠકમાં ખાસ ગુજરાત રાજ્યમાં ધોરણ ૧માં પ્રવેશ માટેની મર્યાદા અંગે પણ ચર્ચા થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી આ મુદ્દો કેન્દ્રસ્થાને હતો આજે આ બેઠકમાં નિર્ણય આવી શકે છે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે રાજ્યમાં ધોરણ ૧માં પ્રવેશ માટે ૧ જૂન ૨૦૨૩ના રોજ ઓછામાં ઓછી ૬ વર્ષની જેની ઉંમર હોય તેવા જ વિદ્યાર્થીને એડમિશન આપવામાં આવશે.

# તેજોમય તખ્તેશ્વરની દિવ્યતા માણતું જન મન....

## ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે

આધ્યાત્મિકતા ના આભ માં અદભુત રીતે ઝળહળતા નામ સમાન ભાવેણા નું તખ્તેશ્વર ના મંદિર ના પરિસર માં સાંજ પડે જાણે આધ્યાત્મિકતા અને અલૌકિકતા નું અદભુત સાયુજ્ય રચાય છે ત્યારે ઉપસ્થિત લોકો માટે આ દ્રશ્ય તેના મન ના મેમરી કાર્ડ માં થી ડીલીટ કરવું અશક્ય હોય છે. આવી જ એક સાંજે સૂર્ય ના સોનેરી કિરણો ઓઢી ને અદભુતતા ધારણ કરેલા મંદિર ના પવિત્ર પરિસર માં પોતાના સંતાન ને ધર્મ સંસ્કાર નું અમૃત પીવડાવી પ્રદક્ષિણા કરતા પિતા અને આ અલૌકિક ક્ષણો ને પોતાના સ્મૃતિ પટ ની સાથે કેમેરા માં પણ કેદ કરી લેવા પોતાની દીકરી ને ક્લિક કરતી માતા તસ્વીર માં દ્રશ્યમાન થાય છે.



# શિષ્ટાચાર એજ શણગાર

## સક્સેસ ફંડા

- અરવિંદ ત્રિવેદી

તો આ રહ્યા સુંદરલાગવાના સૌથી શ્રેષ્ઠ સસ્તાઓ.
કોઈ બ્યુટી પાર્લર કે આભુષણોની જરુર નહીં રહે.

૧. લીપ્સ સ્ટિક
સૌથી શ્રેષ્ઠ.સુદર અને ટકાઉ "લીપ્સ સ્ટિક" એટલે "સ્મિત સ્ટિક "ચેહરા પર હલકું હલકું સ્મિત હોય તો ચહેરો વધુ સુંદર લાગે છે.

૨. અલંકાર
સૌથી શ્રેષ્ઠ 'આભુષણ' સ્વચ્છતા, સુઘડતા છે હજારો અલંકારો કરતા સ્વચ્છ-સુઘડ રહેવું તે છે.સુખડહાર(ચંદન હાર) કરતા "સુઘડહાર". વધુ સુંદર લાગે ?.

૩. બ્રાન્ડેડ વસ્ત્રો
સૌથી શ્રેષ્ઠ વસ્ત્રો કરતા શિષ્ટાચાર અને (સ્કહહીજિ)સંસ્કાર, શિસ્ત,સંયમ, નમ્ર વ્યવહાર અને સળવળતા,સહજતા માણસને વધુ શોભા આપે છે.

૪. સ્ટાઈલ.
સ્ટાઈલિશ ભાષા અને ભાંગ્યું તુટ્યું અંગ્રેજી વબોલવા કરતા આપણી માતૃભાષામા સરળ - સહજ બોલવું તે વધુ સારું લાગે છે.

૫. અવાજ અને બોલવુ
ધીમા અવાજે સ્પષ્ટ ,મુદ્દાસર અને જરુર પૂરતું જ બોલવું એ સંસ્કાર છે.

૬. ચાવવૂ / ખાવું
જાહેરમાં,વાતો કરતાં કરતાં કશું ક ચાવવું કે ખાવુ એ દુર્વ્યવહાર છે.

૭. શિસ્ત
કોઈ સ્થળે રાહ જોવી પડે, લાઈનમાં ઊભા રહેવું પડે તો શાંતિપૂર્વક ઊભ રહેવું, આપણો પહેલા વારો આવી જાય તેવા પ્રયત્નો ન કરવા.

**સુંદરતા સૌને ગમે.આ સૌને ગમતા રહેવા માણસે કેટ કેટલીયે ઉપાયો, પ્રયાસો,શણગારો,અને ટાપ ટીપના રસ્તાઓ અજમાવ્યા કરે છે.**

૮. મદદ કે ઉપયોગી થવું
બાળકો, વૃધ્ધો અને મહિલાઓને મદદરૂપ થવુ. જગ્યા આપવી, રસ્તો ઓળંગવામા મદદ કરવી,વજન ઉપાડવા, ઊંચકવા વાહનમાં ચડવા ઉતરવા અગ્રતા આપવી.

૯. આદર / અભિવાદન
વડીલો, અધિકારીઓ, અને સહકર્મચારઓ નુ "નમસ્તે,જયશ્રી કૃષ્ણ,કે Good mroning જેવા શબ્દોથી અભિવાદન કરવું .

૧૦. નમ્ર વ્યવહાર
સામે મળતા પરિચિતો સ્મિત આપવું. હાથ ઊંચો કરીને વંદન કરવા.

૧૧. જાહેર કાર્યક્રમો ,સભાઓ, મિટીંગો, અને પરિવાર સાથે બેઠાં હોઈએ તો મોબાઈલ નં વાપરીએ .

૧૨. ભોજન સમારંભ
ભોજન સમયે શક્ય તેટલું ઓછું બોલીએ, ન બોલીએ. સમુહમાં જમવાનું હોય તો સૌને આવી જવા દઈએ
સૌને પિરસાઈ જવા દઈએ.
જરુર પૂરતું જ લઈએ.
પ્રમુખ , યજમાન, કે મહેમાનોની રાહ જોઈએ.
કોઈની ડિશમાં કશું ન મુકીએ,ન લઈએ.
ચાલવાનો અવાજ ન આવે તેમ જમીએ.
સૌ જમી લે ત્યાં સુધી ઊભા ન થઈએ.
પિરસવાનું કામ કરનારને સરળતા રહે તેમ ગોઠવાઈને.
જમવાનું નીચે ન ઢોળાય તેનો ખ્યાલ રાખીએ .
જમવાના વાસણમાં હાથ ન જોઈએ.
જમ્યા પછી નક્કી થયેલા સ્થળે જ વાસણ મુકીએ.

૧૩. કોઈ બોલતું હોય ત્યારે મૌન રહીએ./તેને શાન્તિ થી સાભળીએ.

૧૪. કોઈ સામે લાંબા હાથ કરી ન બોલીએ.

૧૫. કોઈને મળવા જઈએ તો અગાઉથી સમય મેળવી, નક્કી થયેલા સમયે જ જઈએ.

૧૬. કોઈના ઘેર, ઑફિસમાં પ્રવેશતા પહેલાં ડોર પર ટકોરા મારી, મંજૂરી મેળવીને પ્રવેશ કરીએ.પરવેશ કરી અભિવાદન કરીએ, જયાં સુધી બેસવાનું ન કહે ત્યાં સુધી ઊભા રહીએ.અને આપણને બોલવાનું કહે પછી મૂખ્ય વાત જ ટૂંકમા કહીએ.

૧૭. ઑફિસમાં કોઈ અન્યની ચેર પર ક 'દિ ન બેસિએ .

૧૮. ચાલતા સમયે બુટ કે ચપ્પલનો અવાજ ન આવે તેમ ચલીએ .

૧૯. કોઈ ની સામે વારંવાર ટીકી ટીકીને ન જોઈએ .

૨૦ . સમુહમાંથી જુદા પડતા સમય આવજો, જય શ્રી કૃષ્ણ જરુર કહીએ.

૨૧. સૌની સારી વાત ,ટેવ કે બાબતની પ્રશંસા જરુર કરીએ.

આવા અનેક શિષ્ટાચાર માણસની શોભા, પ્રભાવ,માન આપે સુંદરતામાં વધારો કરે છે. ચાલો શિષ્ય બનીએ.

# પાકિસ્તાન અને ચીન ઇકોનોમિક વોરમાં પરાસ્ત

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

કોરોના બાદ મોટા મોટા સુપર પાવર ગણાતા દેશોની અર્થ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે ત્યારે ભારત આ બાબત માં મજબૂત છે.બીજી બાજુ પાકિસ્તાન અને ચીનની અર્થ વ્યવવસ્થા ખાડે ગઈ છે.આ સમય રણ મોરચે લડવાનો નથી.પણ ઈકોનોમીક વોરનો છે. ભારત જે રીતે મજબૂત અર્થવ્યવસ્થા સાથે વિશ્ર્વના નકશામાં ઉભરી રહ્યું છે, પાકિસ્તાને સારા દિવસો લઈ આવવા ભારત સાથે રહેવું જ પડશે. કારણકે પાકિસ્તાન અત્યારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે હવે પાકિસ્તાને ભારતને પડખે રાખવા સિવાય કોઈ છૂટકો નથી.ભારત વસુધૈવ કુટુંબકમમાં માનનારો દેશ છે. ખાસ કરીને પાડોશીને જ્યારે કોઈ મુશ્કેલી પડે ત્યારે તેની પડખે ઉભું રહેવામાં ભારત ક્યારેય પાછીપાની કરતું નથી. પણ વાત જયારે પાકિસ્તાનની આવે તો પાકિસ્તાને અત્યાર સુધીમાં એટલી અવળચંડાઈ કરી છે કે જો કોઈ બીજો દેશ તેની સામે હોત, તો અત્યાર સુધીમાં ધીરજ ખોઈ બેસત. પરંતુ ભારતે અત્યાર સુધી વાટાઘાટો અને ધીરજથી કામ લીધું છે.

પાકિસ્તાન ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. પહેલેથી જ નાણાકીય મુશ્કેલીઓ અને પૂરના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. જેના કારણે અહીં લગભગ ત્રણ કરોડની વસ્તી પ્રભાવિત થઈ છે. છેલ્લાં કેટલાંક સપ્તાહોમાં પૂરે બલૂચિસ્તાન, ખૈબર પખ્તુનખ્વા અને સિંધ પ્રાંતમાં વિનાશ વેર્યો છે. ઘણા લોકો મુશ્કેલીમાં મુકાયેલી હાલતમાં મદદની રાહ જોતા જોઈ રહ્યા છે.

આ બધી સમસ્યા વચ્ચે એવી આશંકા છે કે પાકિસ્તાનની હાલત પણ શ્રીલંકા જેવી થઈ શકે છે, જ્યારે રાહત કાર્ય માટે નાણાં એકત્ર કરવાનો પડકાર પાકિસ્તાની વડાપ્રધાન સામે છે. આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાને આઈએમએફને બેલઆઉટ પેકેજ માટે અપીલ કરી હતી. આઈએમએફ પાકિસ્તાનને ૪ બિલિયન ડોલર આપવા માટે તૈયાર છે. પરંતુ સાથે જ તેણે પાકિસ્તાનને ઘણા સુધારા કરવા પણ કહ્યું છે. આઈએમએફએ કહ્યું છે કે પાકિસ્તાન પડકારજનક આર્થિક સ્થિતિનો સામનો કરી રહ્યું છે. પરંતુ તેણે મજબૂત શાસન, ભ્રષ્ટાચારને દૂર કરવા માટેના તમામ પગલાં અને પાવર સેક્ટરમાં ઝડપી સુધારાની માંગ કરી છે.

આ બધાની વચ્ચે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની સામે સ્થિતિ ખૂબ જ પડકારજનક છે. આ પહેલાના દિવસોમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન એક ખાસ અભિયાન ચલાવી રહ્યા છે.

ભારતમાંથી ખાદ્યચીજો આયાત કરવી જરૂરી છે તેમ પાક. નાણામંત્રી કહે છે.

પાકિસ્તાનના નાણા મંત્રી મિફતાહ ઈસ્માઈલે જણાવ્યું હતું કે પાકિસ્તાન સરકાર તાજેતરના ગંભીર પૂરના કારણે નાશ પામેલા પાકને કારણે ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરવા પર વિચાર કરી રહી છે. ત્રણ વર્ષ પહેલાં, કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અને તેને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવાના નિર્ણય પછી પાકિસ્તાને ભારત સાથેના તેના રાજદ્વારી સંબંધોને ડાઉનગ્રેડ કર્યા હતા. પરેશાન લોકોની સુવિધા માટે ભારતથી આયાત જરૂરી છે. તેમણે ભારત સાથે વ્યાપારી સંબંધોની જોરદાર હિમાયત કરી અને કહ્યું કે, લોકોને મોંઘવારીથી બચાવવા જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું. હું અર્થતંત્રની સુધારણા માટે કામ કરી રહ્યો છું.

પાકિસ્તાનમાં પૂરના કારણે ૧૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ દરમિયાન પીએમ મોદીએ પાકિસ્તાનમાં પૂરની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ટ્વીટ કર્યું, પાકિસ્તાનમાં પૂરના કારણે થયેલી તબાહી જોઈને દુઃખ થયું. અમે પીડિતોના પરિવારો, ઘાયલો અને આ કુદરતી આફતથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે દિલથી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઝડપથી સામાન્ય સ્થિતિની પુનઃસ્થાપનની આશા રાખીએ છીએ. મોદીએ આ સંવેદના વ્યક્ત કરી પાકિસ્તાનિઓના દિલ જીત્યા છે.

પરંતુ આની સામે ભારત સાથે વેપાર સંબંધો તોડી પાકિસ્તાને જાતે જ પતન નોતર્યું છે હકીકતમાં, જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, પાકિસ્તાને ભારત સાથે વેપાર ઘટાડવાનો નિર્ણય લીધો હતો. ભારતના નિર્ણય પછી, પાકિસ્તાને ઓગસ્ટ ૨૦૧૯માં ભારત સાથેના તેના વેપાર સંબંધોમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો. જો કે ભારત સાથે વેપારી સંબંધો તોડીને પાકિસ્તાને પોતાના જ પગ ઉપર કુહાડો માર્યો હતો.

ભારત વસુધૈવ કુટુંબકમમાં માનનારો દેશ છે. જે પાડોશીને જ્યારે જરૂર પડી છે ત્યારે ભારતે બનતી તમામ મદદ કરી છે. ભારતે અફઘાનિસ્તાન અને શ્રીલંકાને મુશ્કેલ ઘડીએ અનાજ અને દવાની સહાય કરી છે. આ ઉપરાંત ભૂતકાળમાં કુદરત પ્રકોપ વખતે પણ પાડોશી દેશોને ભારતે સહાય કરી છે. હવે પાકિસ્તાન પણ જો સીધું થઈ જાય તો ભારત તેની મદદ કરવાના ક્યારેય પાછીપાની નહિ કરે તે સ્પષ્ટ છે.

પાકિસ્તાન દક્ષિણ એશિયામાં સ્થિત દેશ છે. ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન પાકિસ્તાનના પાડોશી દેશો છે.



**દુશ્મનને લડાઈના મેદાનમાં નહિ પણ આર્થિક મોરચે ખતમ કરી શકાય છે,આ વાત હજારો વર્ષ પહેલા ચાણક્યે કહેલી તે આજના સમય મા એટલીજ પ્રસ્તુત છે.**

૧૫ કરોડની વસ્તી ધરાવતો આ દેશ વિશ્વના સૌથી વધારે વસ્તીવાળા દેશોમાં છઠ્ઠા સ્થાન પર છે. પાકિસ્તાન ઈંડોનેશિયા પછી વિશ્વનું બીજું સૌથી મોટું મુસ્લિમ રાષ્ટ્ર છે. બોલચાલમાં અહીં મુખ્યત્વે ઉર્દૂ, પંજાબી, સિંધી, બલોચી અને પશ્તો ભાષા બોલાય છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ છે. અન્ય મુખ્ય શહેરો કરાચી અને લાહોર છે. ૩ યુદ્ધમાં હાર અને ઠોકર પછી પાકિસ્તાનની સાન ઠેકાણે આવી છે. શાહબાઝે કહ્યું કે યુદ્ધમાં પાકને હાર અને ગરીબી જ મળી, હવે મોદી અમારી વાત શાંતિથી સાંભળે તો સારું પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વાતચીત માટે સંદેશ મોકલ્યો છે. શાહબાઝે કહ્યું, 'ભારતીય લીડરશિપ અને વડાપ્રધાન મોદીને મારો સંદેશ છે કે આવો... ટેબલ પર બેસીએ અને આપણી વચ્ચેના કાશ્મીર જેવા મુદ્દા પર સમજદારીથી વાત કરીએ.'શાહબાઝ શરીફે અલ અરેબિયા ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કહી. શાહબાઝનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન બેરોજગારી અને મોંઘવારી સામે ઝઝૂમી રહ્યું છે. ખાદ્યપદાર્થો અને ડીઝલ-પેટ્રોલના ભાવ આસમાને છે. પાકિસ્તાનનું મીડિયા ખુલ્લેઆમ પીએમ મોદીનાં વખાણ કરી રહ્યું છે અને કહી રહ્યું છે કે ભારત દરેક રીતે શક્તિશાળી છે.

# પાકિસ્તાન કંગાળ અને ચીનનું અર્થતંત્ર ડુબ્યું ૫૦ વર્ષમાં સૌથી નીચો ગ્રોથ રહ્યો





નવીદિલ્હી,
ભારતના દુશ્મનોના વળતાં પાણી થઈ રહ્યાં છે. પાકિસ્તાન કંગાળ બની ગયું છે અને રોજ ભારતના વખાણ કરી રહ્યું છે ત્યાં કોરોના વાયરસ, રિયલ એસ્ટેટ મંદીનો સામનો કરવા માટે ગયા વર્ષે ચીનમાં લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે આર્થિક વિકાસ દર ઘટીને ૩ ટકા થઈ ગયો છે. જોકે, પ્રતિબંધો હટાવ્યા બાદ તેમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. સરકારી ડેટા અનુસાર, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનો વિકાસ એક વર્ષમાં ધીમો પડીને ૨.૯ ટકાએ પહોંચ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે પ્રતિબંધો હટાવ્યા બાદ શોપિંગ મોલ અને રેસ્ટોરન્ટમાં લોકોની હાજરી ધીમે ધીમે વધી રહી છે. સરકારના જણાવ્યા અનુસાર, એવું લાગે છે કે કોરોના લહેરનું વર્તમાન મોજું પસાર થઈ ગયું છે. ગયા વર્ષનો ચીનનો આર્થિક વિકાસ દર ૨૦૨૧ના ૮.૧ ટકાના અડધાથી ઓછો હતો. કોરોના મહામારીના કારણે વિશ્વની અર્થવ્યવસ્થા ખરાબ સ્થિતિમાં છે. ગયા વર્ષે કોરોના વાયરસનો સામનો કરવા માટે ચીનમાં લાદવામાં આવેલા નિયંત્રણો અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મંદીને કારણે ૨૦૨૨માં ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને ૩ ટકા પર આવી ગયો છે. ૫૦ વર્ષમાં વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આ બીજી સૌથી ધીમી વૃદ્ધિ છે. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટા અનુસાર, ૨૦૨૨માં ચીનનો જીડીપી ૧,૨૧,૦૨૦ બિલિયન યુઆન અથવા ઈ૧૭,૯૪૦ બિલિયન હતો. ચીનનો જીડીપી વૃદ્ધિ દર ૫.૫ ટકાના સત્તાવાર લક્ષ્યાંકથી ઘણો ઓછો છે. નિષ્ણાતોનું કહેવું છે કે પ્રતિબંધો હટાવ્યા બાદ શોપિંગ મોલ અને રેસ્ટોરન્ટમાં લોકોની હાજરી ધીમે ધીમે વધી રહી છે. તે જ સમયે, સરકારના જણાવ્યા અનુસાર, એવું લાગે છે કે કોરોનાના ચેપની વર્તમાન લહેર પસાર થઈ ગઈ છે. અગાઉ ૧૯૭૪માં ચીનનો વિકાસ દર ૨.૩ ટકા હતો. નોંધપાત્ર રીતે, આ વર્ષે ડોલરના મૂલ્યમાં ચીનનો જીડીપી દર ૨૦૨૧માં ઈ૧૮,૦૦૦ બિલિયનથી ઘટીને ઈ૧૭,૯૪૦ બિલિયન થઈ ગયો છે. ચીની ચલણ (RMB) સામે ડૉલર મજબૂત થવાને કારણે આવું બન્યું છે.

# વિશ્વની સૌથી ઉંમરલાયક મહિલાનું નિધન, ૧૧૮ વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ



ટોલન
દુનિયાની સૌથી ઉંમરલાયક મહિલા લ્યૂસિલ રેંડનનું ૧૧૮ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. રેંડનને સિસ્ટર આંદ્રેના નામથી ઓળખવામાં આવે છે. જાણકારી અનુસાર, રેંડનનો જન્મ ૧૧ ફેબ્રુઆરી ૧૯૦૪ના રોજ દક્ષિણી ફ્રાન્સમાં થયો હતો. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, એક પ્રવક્તા ડેવિડ તાવેલ્લાએ કહ્યું કે, દુનિયાની સૌથી વૃદ્ધ વ્યક્તિ ફ્રાંસીસી નન લ્યૂસિસ રેંડનનું નિધન થઈ ગયું છે. પ્રવક્તાએ કહ્યું કે, ટોલનમાં તેમના નર્સિંગ હોમમાં ઊંઘમાં તેમનું મૃત્યુ થઈ ગયું છે.સેન્ટ કૈથરીન-લેબૌરી નર્સિંગ હોમના પ્રવક્તા તવેલ્લાએ કહ્યું કે, આ અત્યંત દુઃખદ છે. પણ રેંડનની આ ઈચ્છા હતી કે, તે પોતાના પ્રેમાળ ભાઈને મળે. તેમના માટે આ એક પ્રકારની મુક્તિ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, જાપાનની કેન તનાકાનું ગત વર્ષે ૧૧૯ વર્ષની વયે નિધન થઈ ગયું હતું. ત્યાર બાદ રેંડન સૌથી ઉંમરલાયક હતી. રેંડનનો જન્મ ત્યારે થયો હતો, જ્યારે ન્યૂયોર્કે પોતાનો સૌથી પ્રથમ સબવે ખોલ્યો હતો અને જ્યૂર ટૂર ડી ફ્રાંસનું ફક્ત એક વાર મંચન થયું હતું.રેંડને ૧૯૪૪માં ૪૦ વર્ષની ઉંમરે એક કોન્વેંટમાં એન્ટ્રી પહેલા એક ગવર્નર અને ટ્યૂટર તરીકે કામ કર્યું હતું. તે ૧૯૭૯થી નર્સિંગ હોમમાં અને ૨૦૦૯થી ટૂલોન હોમમાં હતી.

હાલમાં જ રેંડને કહ્યું હતું કે, લોકો કહે છે કે, કામ મારી નાખે છે, પણ મારા માટે કામે મને જીવતી રાખી છે. હું ૧૦૮ વર્ષની ઉંમર સુધી કામ કરતી રહી. લ્યૂસિલ રેંડન ૨૦૨૧માં કોવિડ પોઝિટિવ થઈ હતી, તેમ છતાં પણ તે બચી ગઈ. જે દુનિયાભરના લોકો માટે આશાનું પ્રતિક બની ગઈ હતી.

# પાકિસ્તાન પાસેથી નોન-નાટો સહયોગીનો દરજ્જો છીનવાઈ શકે છે : યુએસ સંસદમાં બિલ રજૂ

વોશિંગ્ટન,
અફઘાનિસ્તાન બાદ અમેરિકા હવે પાકિસ્તાન પાસેથી પણ નોન-નાટો સહયોગીનો દરજ્જો પાછો ખેંચવા પર વિચાર કરી રહ્યું છે. અમેરિકન સાંસદે હાઉસ ઓફિ રિપ્રેઝન્ટેટિવ્સમાં આ અંગે એક બિલ રજૂ કર્યું હતું. આ બિલ યુએસ સાંસદ એન્ડી બિગ્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ તેના પર હસ્તાક્ષર કરે અને જરૂરી કાર્યવાહી માટે તેને હાઉસ ફોરેન અફેર્સ કમિટિને મોકલે તે પહેલા બિલને ગૃહ અને સેનેટમાં પસાર કરવાની જરૂર છે.

તમને જણાવી દઈએ કે પાકિસ્તાન નોન-નાટો સહયોગીના તરીકે હોદ્દો ચાલુ રાખવા માટે રાષ્ટ્રપતિ જો બાઈડનના વાર્ષિક પ્રમાણપત્રની જરૂર છે. સામાન્ય રીતે આવા બિલ પસાર થતા નથી પરંતુ વર્તમાન બિલ પાકિસ્તાન સામે અમેરિકન સાંસદોના ગુસ્સાને દર્શાવે છે. હકીકતમાં પાકિસ્તાન આતંકવાદને આશ્રય આપવા માટે વિશ્વ સમક્ષ ખુલ્લુ પડી ગયું છે.

ગત વર્ષે સપ્ટેમ્બરમાં અમેરિકાએ અફઘાનિસ્તાન પાસેથી નોન-નાટો સહયોગી દેશનો દરજ્જો છીનવી લીધો હતો. અમેરિકાએ આ પગલું દેશમાંથી સૈન્ય વાપસી અને ત્યાં તાલિબાન શાસન બાદ ઉઠાવ્યું હતું. અફઘાનિસ્તાન સાથે અમેરિકાના ૧૮ નોન-નાટો સહયોગી છે. તે જાણીતું છે કે મુખ્ય બિન-નાટો સહયોગી તરીકે અમેરિકા અફઘાનિસ્તાનને ખાસ કરીને સંરક્ષણ ક્ષેત્રમાં ઘણી સુવિધાઓ અને છૂટ આપતું હતું.

# કેજરીવાલની આગેકૂચ રોકવા ગેહલોત મેદાનમાં ઉતરશે

## પંજાબને અડીને આવેલા જિલ્લાઓ માટે યોજના બનાવી





જયપુર,
રાજસ્થાનમાં ૨૦૨૩ના અંતમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી સુખજિંદર સિંહ રંધાવાએ કેજરીવાલની આમ આદમી પાર્ટીને રોકવા માટે એક પ્લાન તૈયાર કર્યો છે. પ્રદેશ કોંગ્રેસે નહેર ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શ્રીગંગાનગર અને હનુમાનગઢ જિલ્લામાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સીએમ અશોક ગેહલોત ૧૯ જાન્યુઆરીએ શ્રીગંગાનગરના સુરતગઢ પહોંચશે.

૨૦ જાન્યુઆરીએ કોંગ્રેસના કાર્યકરો સંમેલનને સંબોધીને લોકોની નાડી અનુભવશે. સીએમ ગેહલોતની શ્રીગંગાનગરની મુલાકાતને કેનાલ વિસ્તારમાં કેજરીવાલના પ્રભાવને રોકવાના માર્ગ તરીકે જોવામાં આવી રહી છે. રાજ્ય પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા અને પીસીસી ચીફ ગોવિંદ સિંહ દોતાસરા પણ હાજર રહેશે. રાજ્ય પ્રભારી રંધાવા પોતે કેનાલ વિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારમાં જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય પ્રભારી રંધાવા ગત વખતની જીત-હારના રેકોર્ડનો અભ્યાસ કરી રહ્યા છે. જો કેબિનેટમાં ફેરબદલ થશે તો કેનાલ સેક્ટરને પ્રાથમિકતા મળશે તેવી ચર્ચા છે. કોંગ્રેસને કેનાલ વિસ્તારમાં સાવરણી અને કમળ સાથે સ્પર્ધા કરવી પડશે. તમને જણાવી દઈએ કે રાજ્યના કેનાલ વિસ્તારમાં શીખ સમુદાયની મોટી વસ્તી છે. કેજરીવાલનું ફોકસ પણ કેનાલ સેક્ટરમાં વધુ છે. આવી સ્થિતિમાં રાજ્ય પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા પોતે શીખ સમુદાયની વચ્ચે જશે અને ગેહલોત સરકારની યોજનાઓ વિશે માહિતી આપશે.


# કાર અકસ્માતમાં પ્રોફેશનલ રેસલર જૈમિન પુગનું નિધન

મુંબઈ,
એઈડબ્લ્યુના પ્રમુખ ટોની ખાને સોશિયલ મીડિયા પર સમાચારની જાહેરાત કરતા લખ્યું હતું કે, દુઃખની વાત છે કે, જૈમિન પુગનું નિધન થયું છે. ચાહકોમાં જય બ્રિસ્કો તરીકે ઓળખાતા, તેમણે આરઓએચમાં વીસ વર્ષ ગાળ્યા હતા. તેમના પ્રથમ શોથી આજ સુધી યુગો માટે એક શાસક ચેમ્પિયન તરીકે યાદ રહેશે. જય અને તેના ભાઈ માર્કનું આજ સુધી આરઓએચ પર શાસન ચેમ્પિયન તરીકે પ્રભુત્વ છે. અમે તેના પરિવારને સહાનુભૂતિ આપવા માટે જે કંઈ કરી શકીએ તે કરીશું. રેસ્ટ ઈન પીસ.

ડબલ્યુડબલ્યુઈના ઘણા ચાહકો માટે જૈમિન કદાચ અજાણ્યો હતો, પરંતુ તે ગયા વર્ષે હ્યુઈ સાથેની કેટલીક મેચોને કારણે ઈન્ડી સર્કિટ અને એઈડબ્લ્યુ પર એક પરિચિત ચહેરો બની ગયો હતો. તે એક મહાન ટેગ ટીમનો ભાગ હતો, જેને મેઈન સ્ટ્રીમ પ્લેટફોર્મ આપવામાં આવ્યું ન હતું. જેઓ તેને ઓળખે છે, તેઓ જાણે છે કે, તેણે પ્રોફેશનલ રેસલિંગને કેટલું આપ્યું છે. તેણે નાની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધું હતું, જ્યારે ચાહકોને તેની બિલકુલ અપેક્ષા ન હતી.

બ્રિસ્કોએ હાલમાં રિંગ ઓફ ઓનર પર હસ્તાક્ષર કર્યા છે, જ્યાં તે ભૂતપૂર્વ આરઓએચ વર્લ્ડ ચેમ્પિયન અને મલ્ટી-ટાઈમ ટેગ ટીમ ચેમ્પિયન છે. આ ટેગ ટીમો એઈડબ્લ્યુ માં જોવા મળતી ટીમો જેવી જ છે. તેના ભાઈ માર્ક સાથે, તે આરઓએચ ઈતિહાસમાં સૌથી સફળ ટેગ ટીમોમાંની એક હતી. તેણે કોમ્બેટ ઝોન રેસલિંગ અને પ્રો રેસલિંગ ગેરિલા જેવી અન્ય રેસલિંગ લીગમાં પણ હાથ અજમાવ્યો હતો.

# દાઉદ ઈબ્રાહિમનું નવુ સરનામું આવ્યું સામે, પકિસ્તાન અને ISIએ બદલાવી દીધું લોકેશન



નવીદિલ્હી
પૂર્વ IPS ઓફિસર પીકે જૈનનું કહેવું છે કે, અંડરવર્લ્ડ ડોન અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાન આર્મી અને ISIની મદદથી ત્યાં લાંબા સમયથી છુપાયેલો છે. કરાચીમાં જ પાકિસ્તાનની સેના અને ISIએ દાઉદ માટે ૩-૪ સ્થળો રાખ્યા છે. જ્યારે પણ તેના પર આંતરરાષ્ટ્રીય દબાણ આવે છે, ત્યારે પાકિસ્તાન પોતાનું સ્થાન બદલી નાખે છે. પૂર્વ IPS અધિકારીએ સમાચાર એજન્સીને જણાવ્યા પ્રમાણે તમને કહીએ તો, પાકિસ્તાન આર્મી અને ગુપ્તચર એજન્સી ISI બંને હંમેશા અંડરવર્લ્ડ ડોન દાઉદને બચાવવામાં સૌથી આગળ રહ્યા છે. તેને બચાવવા માટે તેઓએ ૩-૪ અલગ-અલગ સ્થળોની વ્યવસ્થા કરી છે. ભૂતપૂર્વ અધિકારીનું કહેવું છે કે, ભારત સરકાર દાઉદ પર કોઈ લડાયક ઓપરેશન ન ચલાવે તેવો ડર હંમેશા તેને સતાવે છે. તેનાથી બચવા માટે તે હંમેશા લોકેશન બદલતો રહે છે. તે કહે છે કે, દાઉદ આંતરરાષ્ટ્રીય આતંકવાદી છે, તેને ડર છે કે હવે ખુદ પાકિસ્તાનની હાલત ખરાબ છે. ઓફિસરનું કહેવું છે કે, દાઉદ શરૂઆતથી જ અય્યાશ પ્રકારનો વ્યક્તિ છે. બોલિવૂડની હિરોઈન્સ પણ તેમની સાથે રહી ચૂકી છે. બધા જાણે છે કે, તેણે ફરીથી લગ્ન કર્યા છે. શરૂઆતથી જ તે અય્યાશી છે. પાકિસ્તાન આર્મી અને ISI તેમને અને તેમના પરિવારને સંપૂર્ણ સુરક્ષા આપી રહી છે. પરંતુ પાકિસ્તાન ક્યારેય નહીં કહે કે, દાઉદ તેના દેશમાં છે. આ દરમિયાન, જો જોવામાં આવે તો અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ હવે સંપૂર્ણ રીતે ડરી ગયો છે. ડર એટલો છે કે, હવે દાઉદને તેના આખા પરિવાર સાથે પાકિસ્તાનના કરાચીના ક્લિફ્ટન વિસ્તારમાંથી જવું પડશે. તે વર્ષોથી અહીં રહેતો હતો. દાઉદ ઈબ્રાહિમની બહેન હસીના પારકરના પુત્ર અલીશાહે તપાસ એજન્સી NIA સમક્ષ ખુલાસો કર્યો છે.

# બોલિવૂડના અભિનેતાઓને પછાડીને સાઉથ એક્ટર બન્યો હિરો નંબર-૧, અભિનેત્રીઓએ પણ મારી બાજી







મુંબઈ,
મનોરંજનની દુનિયામાં ફિલ્મો ચાલે ત્યારે કલાકારોને સીધો ફાયદો થાય છે. આ ઉપરાંત કેટલાક કલાકારો એવા પણ છે, જે દર્શકોમાં હંમેશા ફેવરિટ રહે છે. ભૂતકાળમાં સાઉથની ફિલ્મોને પસંદ કરવામાં આવી રહી હોવાથી દર્શકોની પસંદગીમાં પણ પરિવર્તન આવ્યું છે. આવી સ્થિતિમાં હંમેશા ટોપ પર રહેલા બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સલમાન ખાન અને શાહરૂખ ખાન પણ પાછળ છૂટવા લાગ્યા છે.તાજેતરમાં એક મીડિયા રિપોર્ટમાં ટોચના મેલ અને ફીમેલ એક્ટર્સની યાદી જાહેર કરવામાં આવી હતી. આમાં સામેલ નામો ચોંકાવનારા છે. તો ચાલો જોઈએ, કોણે કયા સ્થાન પર જગ્યા બનાવી છે.દેશભરના દર્શકોની પસંદગી અને ફિલ્મોને મળેલા પ્રતિસાદના આધારે તાજેતરમાં ઓરમેક્સ દ્વારા એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં ટોપ મેલ અને ફિમેલ કલાકારોના નામ શામેલ છે, જે ડિસેમ્બર ૨૦૨૨ સુધી દેશભરમાં ખૂબ પ્રિય હતા. આ યાદીમાં પ્રથમ ત્રણ સ્થાન પર સાઉથના કલાકારો રહ્યા છે. આ સાથે જ શાહરૂખ ખાન નીચે આવી ગયો છે અને સલમાન ખાન ટોપ ૧૦માંથી બાર થયા છે.

સાઉથના સુપરસ્ટાર થેલાપતિ વિજયે આ યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. દરેક ફિલ્મથી સાઉથ તેમજ હિન્દી બેલ્ટના દર્શકોને પ્રભાવિત કરનારો આ એક્ટર હાલ હીરો નંબર વન બની ગયો છે. સમાચાર મુજબ, વિજય એક ફિલ્મ માટે ૧૫૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે શાહરૂખની ફી ૧૦૦ કરોડની નજીક છે. શાહરૂખને આ યાદીમાં ૮મું સ્થાન મળ્યું છે.

કલાકારોની યાદીમાં સામેલ અન્ય કલાકારોની વાત કરીએ તો, પ્રભાસ બીજા નંબરે અને જુનિયર એનટીઆર ત્રીજા નંબરે છે, જેમની ફિલ્મ 'RRR' આજકાલ ધૂમ મચાવી રહી છે.

# વિશ્વની સૌથી સુંદર મહિલા અને એક્ટ્રેસનું નિધન, કરિશ્મા કપૂર સાથે કનેક્શન હતું !



મુંબઈ,
વિશ્વની સૌથી સુંદર મહિલા કહેવાતી પ્રખ્યાત ઈટાલિયન અભિનેત્રી જીના લોલોબ્રિગિડાનું નિધન થયું છે. તેની ઉંમર ૯૫ વર્ષની હતી. જીના લોલોબ્રિગીડાએ ૫૦ અને ૬૦ના દાયકામાં યુરોપિયન સિનેમામાં ધમાલ મચાવી દીધી હતી. જીના લોલોબ્રિગીડાનું પણ ભારતીય સાથે જોડાણ હતું. તેને ૨૦મી સદીની મોના લિસા કહેવામાં આવતી હતી.જોકે જીના લોલોબ્રિગીડાના મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કહેવામાં આવી રહ્યું છે કે જીના લોલોબ્રિગિડાની જાંઘનું હાડકું ૨૦૨૧માં તૂટી ગયું હતું, જેની સપ્ટેમ્બરમાં સર્જરી કરવામાં આવી હતી. જો કે તે બાદ તે સ્વસ્થ થઈ ગઈ હતી અને ચાલવા પણ લાગી હતી.તેણીએ બીજા વિશ્વયુદ્ધ પછી ઈટાલીમાં ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું ત્યારે તે ચર્ચામાં આવી હતી.હોલીવુડ સિનેમાના સુવર્ણ યુગનો ભાગ બનનાર છેલ્લી પાંચ આંતરરાષ્ટ્રીય કલાકારોમાંની એક જીના લોલોબ્રિગીડા હતી. તે ૫૦ અને ૬૦ ના દાયકામાં યુરોપિયન સિનેમાની સૌથી મોટી સ્ટાર્સમાંની એક હતી. જીના લોલોબ્રિગીડાને ફિલ્મ જગત સાથે દૂરથી પણ કોઈ કનેક્શન નહોતું, તેમ છતાં તે વિશ્વભરમાં પોતાની ઓળખ બનાવવામાં સફળ રહી. જીના લોલોબ્રિગીડાના માતા-પિતાનો ફર્નિચરનો વ્યવસાય હતો. પરંતુ કૌટુંબિક વ્યવસાયમાં જોડાવાને બદલે જીના લોલોબ્રિગીડાએ શોબિઝની દુનિયામાં આવવાનું નક્કી કર્યું.તેણીએ સૌંદર્ય સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. આ સાથે જીના લોલોબ્રિગીડાએ ઈટાલિયન ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવવાનું શરૂ કર્યું.

# ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતાં દુતી ચંદ સસ્પેન્ડ, એશિયન ગેમ્સમાં રમવાનું સસ્પેન્સ

નવીદિલ્હી,
ભારતીય એથ્લેટિક્સ તરફથી આવી રહેલા સમાચાર સારા નથી. ૧૦૦ મીટર રેસની નેશનલ ચેમ્પિયન દુતી ચંદ ડોપ ટેસ્ટમાં ફેલ થઈ ગઈ છે, જેના પછી તેને સસ્પેન્ડ કરવામાં આવી છે. મહિલા દોડવીર દુતી ચંદના યુરિન સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. તેના પર પ્રતિબંધિત પદાર્થોનું સેવન કરવાનો આરોપ છે, ત્યારબાદ તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે. દુતી ચંદના સસ્પેન્શનને કારણે તેના એશિયન ગેમ્સમાં રમવા પર પણ સસ્પેન્સની તલવાર લટકી રહી છે.

દુતી ચંદનું સસ્પેન્શન ક્યાં સુધી ચાલુ રહેશે, તે અત્યારે સ્પષ્ટ નથી. કારણ કે, આ નિર્ણય માટે સંપૂર્ણ તપાસ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. એએએફએ દુતી ચંદને ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા અંગે પત્ર લખ્યો હતો. પત્રમાં ખાસ કરીને દુતી ચંદને પ્રતિબંધિત પદાર્થોના સેવન અંગે ચેતવણી પણ આપવામાં આવી છે.દુતી ચંદને લખેલા પત્રમાં છ્છ્હ્ર એ લખ્યું, “હું તમને જણાવવા માંગુ છું કે તમારો સેમ્પલ છ ટેસ્ટ આવ્યો છે, જે ડબ્લ્યુએડીએના નિર્દેશો મુજબ પોઝીટીવ જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે દુતી ચંદનું આ સેમ્પલ ૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ભુવનેશ્વરમાં લેવામાં આવ્યું હતું. જો કે, પીટીઆઈના જણાવ્યા અનુસાર, જ્યારે આ અંગે દુતીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે તેને હજુ સુધી ખબર નથી કે તેના સેમ્પલ એ પોઝિટીવ આવ્યા છે.

# વિરેન્દ્ર સહેવાગની જેમ મને સમર્થન મળ્યું ન હતું: મુરલી વિજય



મુંબઈ
ભારતના ઓપનર બેટસમેન મુરલી વિજયે ખુલાસો કર્યો છે કે વિરેન્દ્ર સહેવાગની સાથે રમવાનું કેવું હતું અને તેનાથી તેના કેરિયરને કેવી રીતે પ્રભાવિત કરી. મુરલી વિજયે ઈગ્લેન્ડમાં ૨૦૧૪માં ટેસ્ટ સીરીજમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટસમેન હતો ૩૮ વર્ષના મુરલી વિજયે જણાવ્યું હતું કે ઈમાનદારીથી કહુ તો મને જાણીજોઇ વિરેન્દ્ર સહેવાગ જેવી આઝાદી આપવામાં આવી ન હતી. સહેવાગ પોતાની જીદગીમાં જે મળ્યુ તે મને નહીં જો મને તે રીતનું સમર્થન મળ્યું હોત તો હું પણ કંઈક નવું કરવાનો પ્રયાસ કરી શકયો હોત. વર્ષ ૨૦૧૪ ભારતીય ટેસ્ટ ક્રિકેટ માટે ખુબ મુશ્કેલ હતો ભારતે ન્યુઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા અને ઈગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો અને તમામમાં હાર સહન કરવી પડી હતી જો કે મુરલી વિજયે ઈગ્લેન્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું મુરલી વિજયે નોટિંઘમમાં ૧૪૬,લોર્ડ્સમાં ૯૫,એડિલેડમાં ૯૯,મેલબર્નમાં ૬૮ અને બ્રિસ્બેનમાં ૧૪૪ રનની ઈનિંગ્સ રમી હતી.મુરલી વિજયે કહ્યું કે ઈમાનદારીની વાત ટીમનું સમર્થન છે અને તમે આંતરરાષ્ટ્રીય સ્તર પર ટીમમાં કેવું યોગદાન આપી શકો છે આ એક ઉચ્ચસ્તરીય પ્રતિયોગિતા છે અને તમારી પાસે અલગ અલગ પધ્ધતિથી પ્રયોગ કરવાની તક ઓછી હોય છે વીરેન્દ્ર સહેવાગની સાથે રમવા પર વિજયે કહ્યું કે જયારે સહેવાગ ત્યાં હતો તો મને લાગ્યુ કે પોતાની પ્રવૃતિને નિયંત્રિત કરવું અને રમવું મુશ્કેલ છે.પરંતુ તેમને આવી આઝાદીથી પસાર થતો દેખવો શાનદાર હતું

# રાજકોટમાં ૫ ફેબ્રુઆરીએ 'ફિઝિકલ' સાયકલોફન યોજાશે: સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થીઓ જોડાશે

## કોરોના બાદ આ વખતે 'વર્ચ્યુરઅલી'ની જગ્યાએ 'ફિઝિકલ' સાયકલોફનનું આયોજન : રજિસ્ટ્રેશન કરાશે

રાજકોટ, સાયકલીસ્ટોંની અત્યંઆત પ્રિય એવી સાયકલોફન છેલ્લા બે વર્ષથી 'વર્ચ્યુરઅલી' જ યોજાઈ રહી હોવાને કારણે તેનો ચાર્મ મતલબ કે રોમાંચ સાયકલીસ્ટોરમાં જોવા મળી રહ્યો નહોતો પરંતુ આ વર્ષે રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન, રાજકોટ મહાપાલિકા અને રાજકોટ સાયકલ ક્લબની સાથે શહેરની ૫૦૦ જેટલી સેલ્ફજ ફાયનાન્સી સ્કૂકલ એસોસિએશન દ્વારા મળીને આગામી પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં ભવ્યારતિભવ્યી સાયક્લો ફન યોજવામાં આવી રહી છે.

સાયકલોફનના આયોજકોના જણાવ્યાસ પ્રમાણે આ વખતની સાયક્લોંફનનું આયોજન ખાસ કરીને પહેલીવાર સાયકલિંગ કરનારા સાયકલીસ્ટર તેમજ બાળકોને સાયકલ પ્રત્યો વધુમાં વધુ કેમ વાળી શકાય તેના પર વધુ ધ્યાયન કેન્દ્રી ત કરીને કરવામાં આવ્યું છે.

આ માટે આ વર્ષની સાયક્લોફનમાં પાંચ કિલોમીટર અને વીસ કિલોમીટરની સાયકલરાઈડ યોજવામાં આવશે. આ આયોજનમાં આ વર્ષે પહેલીવાર સેલ્ફે ફાયનાન્સો સ્કૂલ એસોસિએશન પણ જોડાયું છે જે અંતર્ગત શહેરની ૫૦૦થી વધુ શાળાઓ તેમાં જોડાઈ છે.

આ ઉમદા ઈવેન્ટ માં સહભાગી થવા માંગતી સંસ્થાળઓ તેમજ લોકો રોટરી મીડટાઉન લાયબ્રેરી અથવા સેલ્ફક ફાયનાન્સવ સ્કૂલ એસોસિએશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે છેલ્લા સાત વર્ષથી રાજકોટમાં રોટરી ક્લાબ ઓફ રાજકોટ મીડટાઉન, રાજકોટ સાયકલ કલબ અને રાજકોટ મહાપાલિકા દ્વારા ફિટ રાજકોટ અંતર્ગત સાયક્લોીફનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગત વર્ષે સાયકલોફનમાં ૧૪ દેશના ૧૬૪૪૧ સાયકલીસ્ટે એ ૫.૧૧ લાખ કિલોમીટર સાયકલ ચલાવી વૈ?કિ રેકોર્ડ નોંધાવ્યો હતો.

પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાનારી સાયકલોફનમાં ભાગ લેવા માંગતાં (૧૮ વર્ષથીઊપરના) સાયકલીસ્ટોઆ વેબસાઈટ ઉપર પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ ઉપરાંત વધુ વિગતો માટે તેઓ ૭૪૦૫૫ ૧૩૪૬૮ ઉપર ટેલિફોનિક સંપર્ક કરી શકશે.

# હવે ગામડાના લોકોને ય મળશે મિલકતનું 'સ્વામિત્વ'

## રાજકોટ જિલ્લામાં ડ્રોનથી સર્વેની કામગીરી પૂરજોશમાં : અત્યાર સુધીમાં ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની માપણી કરાઈ



ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી તંત્રની કામગીરી વધુ અસરકારક બને અને સાથે દેશના સામાન્ય માણસોની સુખાકારી વધે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવા અભિગમ સાથે અનેક પ્રોજેક્ટ-યોજના અમલી બનાવી છે. આવી જ એક યોજના એટલે 'સ્વામિત્વ' (જીફછ્રૈંફછ -સર્વે ઓફ વિલેજીસ આબાદી એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયાઝ). જેમાં ગામડામાં ડ્રોનથી મિલકતોનું સર્વેક્ષણ કરીને, ગામલોકોના પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે.

ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'સ્વામિત્વ' યોજનાનો પ્રભાવશાળી રીતે અમલ થઈ રહ્યો છે. આ યોજનાની અમલવારીમાં રાજકોટ જિલ્લો અગ્રેસર રહીને કામ કરી રહ્યો છે. જમીન દફતરના નાયબ નિયામકશ્રી રાજેશ કે. ગાંધી તથા જમીન દફતરના જિલ્લા નિરિક્ષકશ્રી ભાવેશ ગાંભવાના નિરીક્ષણ હેઠળ હાલ જિલ્લાના વિવિધ ગામોમાં ડ્રોનથી સર્વે-માપણીની કામગીરી ગતિમાં છે.

શ્રી ભાવેશ ગાંભવાના જણાવ્યા મુજબ, 'સ્વામિત્વ' યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડ્રોનથી ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે ઠરાવો લખવાની તેમજ પ્રોપર્ટી કાર્ડ બનાવવા સંબંધિત કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત બાકીનાં ગામોમાં પણ ડ્રોનથી સર્વેક્ષણ-માપણીની કામગીરી ચાલી રહી છે.

રાજકોટ તાલુકના ૭૩, વિંછિયા તાલુકાના ૪૨, જસદણના ૪૯ તેમજ ધોરાજીના ૨૬ ગામોમાં ડ્રોનથી સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ગોંડલ તાલુકાના ૬૮ ગામોમાં ક્રમશઃ આ કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં જેતપુરના ૪૨, ઉપલેટાના ૪૬, જામકંડોરણાના ૪૫, કોટડાસાંગાણીના ૩૫ તેમજ લોધિકાના ૩૪ ગામોમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરાશે.

નોંધનીય છે કે, નવ રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટમાં સફળતા મળ્યા બાદ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ, પંચાયતી રાજના દિવસે 'સ્વામિત્વ' યોજના લોન્ચ કરી હતી. આ આ એક કેન્દ્રીય યોજના છે, જે અંતર્ગત તમામ ગ્રામીણ વિસ્તારોમાં ડ્રોનનો ઉપયોગ કરીને સર્વે કરવામાં આવે છે. આ સાથે, દરેક ગામ માટે જીઆઈએસ આધારિત નકશા તૈયાર કરવામાં આવે છે. આ સરવે થકી ગ્રામીણ આયોજન માટે જમીન રેકોર્ડ સચોટ બનાવવા, મિલકત વેરા નક્કી કરવા, સર્વે ઈન્ફ્રાસ્ટ્રકચર અને જી.આઈ.એસ. નકશા બનતા અન્ય કોઈ પણ સરકારી વિભાગ તેમના ઉપયોગમાં પણ લઈ શકશે. ગામના સંપત્તિ વિવાદ અને કાનૂની કેસોમાં ઘટાડો થશે.

★ બિલકુલ ફ્રીમાં થાય છે સર્વેઃ પ્રોપર્ટી કાર્ડ માટે પણ કોઈ ચાર્જ નહીં

★જમીનની સર્વેક્ષણ-માપણી માટે લોકો પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલ કરવામાં આવતો નથી.

★ આ યોજના અંતર્ગત લોકોને પ્રોપર્ટીકાર્ડ કોઈ ફી લીધા વિના આપવામાં આવે છે.

★સ્વામિત્વ યોજનાના ફાયદા

★ ગામના રહેવાસીઓને તેમની પ્રોપર્ટીના કાર્ડ મળશે.

★ પોતાની માલિકીના મકાનનું ટાઈટલ ક્લીયર થયેલું મળશે.

★ તે મકાન પર કોઈપણ બેંકમાંથી લોન મળી શકશે.

★ મકાનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી શકાશે તથા અન્યને તબદીલ કરી શકાશે.

**આલેખનઃ સંદીપ કાનાણી**

# સીટીલાઈફ

## રાજકોટ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રમાં પ્રેસ-મિડિયામાં ટેકનોલોજી ઉપર વ્યાખ્યાન યોજાયું



રાજકોટ,

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્ષ, રાજકોટ ખાતે તાઃ ૧૧ જન્યુઆરીના સાંજે ૪:૩૦ થી ૬:૦૦ દરમિયાન ઈમર્સીવ મિડિયા ટેકનોલોજી - ફ્યુચર ઈઝ હીયર, ટુડે વિષય પર રાજકોટના અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિધ્ધ એવા દર્શન સેદાણીનું એક રસપ્રદ વ્યાખ્યાન રાખવામાં આવેલ. આપણે સર્વે જાણીએ છીએ કે એકવીસમી સદીમાં મિડિયાનું મહત્વ કેટલું છે. તેમાં કેવા પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે અને ભવિષ્યમાં થશે તે વિષે રસ પ્રદ રીતે પાવર પ્રેઝનટેશન દ્વારા સમજાવ્યું હતું.

## જુનાગઢ જિલ્લામાં ફરી મોટા ગજાના કોંગ્રેસી આગેવાન કોંગ્રેસ પાર્ટીમાંથી સસ્પેન્ડ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,



જુનાગઢ જિલ્લામાં ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ કામ કરનાર હજી બે દિવસ પહેલા જ માળિયા તાલુકાના બે દિગ્ગ્જ નેતાને સસ્પેન્ડ કરેલ ત્યારે ફરી મેખડી ગામના વતની અને માંગરોળ માર્કેટિંગ યાર્ડના ચેરમેન, જુનાગઢ જિલ્લા પંચાયત ચાલુ સદસ્યના પતિ અને પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય વાલભાઈ ખેરને ગત વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટી વિરુદ્ધનું કામ કરવા બદલ પાર્ટીએ સસ્પેન્ડ કરેલ છે ,જુનાગઢ જિલ્લા પ્રમુખ ભરત અમીપરા સાથે ટેલીફોનિક વાત કરતા જાણવા મળ્યું કે ગત વિધાનસભાની ચૂંટણીનું આવું ખરાબ પરિણામ આવતા ડાયરેક્ટ પ્રદેશ કોંગ્રેસ તરફથી પાર્ટી વિરુદ્ધ કામ કરનાર દરેક આગેવાનોનું સ્પેશિયલ ટીમ અને એજન્સી દ્વારા, ચૂંટણી પતી ગયા પછી સર્વે ચાલુ જ છે, જે સર્વેમાં અને સમીક્ષા કરતા જે જે આગેવાનોએ પાર્ટી વિરુદ્ધ કામ કરેલ હોઈ તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવો, આવી જ રીતે હજુ પણ દરેક કોંગ્રેસી આગેવાનો અને જવાબદાર ચૂંટાયેલા વ્યક્તિઓ, સંગઠનના મોટા મોટા હોદા લઈને જે કોઈએ પાર્ટી વિરુદ્ધ કામ કરેલ હશે તે જાણમાં આવતા ભવિષ્યમાં પણ સસ્પેન્ડ કરવાનો સિલસિલો ચાલુ જ રહેશે,તેમ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ જણાવ્યું હતું

# રાજકોટ રૂડાની નગર રચના યોજનાઓમાં ટી.પી. રોડની કામગીરી પુરજોશમાં

## રોડ માટે જમીન કબ્જા મેળવવાની કામગીરી ચાલુ : દબાણ દૂર કરાશે

રાજકોટ,

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ(રૂડા) દ્વારા સૂચિત નગર રચના યોજનાઓની કામગીરી ઝડપથી થાય તે માટે સૂચિત નગર રચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી) તથા સૂચિત નગર રચના યોજના નં. ૪૧ (સોખડા-માલિયાસણ) નગર રચના યોજનાઓ મંજૂર થયેલ છે. આ યોજનાઓમાં સમાવિષ્ટ ટીપી રોડના અમલીકરણ અંગે રે.સર્વેના ખાતેદારો પાસેથી તેમની માલિકીની જમીનમાંથી પસાર થતા રોડના કબજા મેળવવાની કામગીરી ચાલુ છે.



મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી) સ્કીમમાં સમાવિષ્ટ ૪૫ મીટર સ્ટેટ હાઈવે મોરબી બાયપાસ કાર્યરત છે, તે સિવાયના સ્કીમમાં આશરે ૩૨% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ અને ડામર થયેલ છે. ઉપરાંત યોજના નં.૪૧ (સોખડા-માલિયાસણ)માં સમાવિષ્ટ ટીપી રોડ પૈકી આશરે ૧૭% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ થયેલ છે તેમજ બંને સ્કીમમાં ૪૫ મી.,૩૦ મી., ૨૪ મી.,૧૮ મી. અને ૧૫ મી. સુધીના રોડનો સમાવેશ થાય છે.આગામી યોજના નં.૪૧ (સોખડા-માલિયાસણ)માં આંશિક રોડ પર બાંધકામોનું દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. બંને નગર યોજનામાં રોડના ૧૦૦% કબ્જા મળ્યેથી બાકી રહેતા રોડ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી આ વિકસતા વિસ્તારોમાં પાયાની પ્રાથમિક સુવિધારૂપ રસ્તાની સવલત લોકોને પ્રાપ્ત થતા વિસ્તારનો વિકાસ વેગવંતો બનશે.

## રાજકોટ જનસેવા ટ્રસ્ટ દ્વારા વાર્ષિક સમારોહ યોજાયો

### ગીત - સંગીત સંધ્યા? સાથે સેવારત્નોનું સન્માનન કરાયું



રાજકોટ,

જનસેવા ટ્રસ્ટં દ્વારા પારસ કોમ્યુસનીટી હોલમાં વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં નવા જુના ગીતોની સંગીત સંધ્યાીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રખ્યારત સિનિયર ફીઝીસીયન ડો. રાજેશ તૈલી દવારા ઓર્ગન ડોનેશન ઉપર માહીતગાર કરાયા હતા ત્યોબાદ ડો. બબીતાબેન હપાણીએ કેન્સિર અવેરનેસ વિશે રસપ્રદ વ્યા ખ્યા ન અપાયું હતું. ત્યા.રબાદ જીલ્લા પંચાયતના ઓફીસર નિખિલ જાદવ દ્વારા આયુષ્યતમાન કાર્ડ યોજના વિશે સૌને માહીતગાર કરવામાં આવેલ.

સ્વાામી વિવેકાનંદ યુથ કલબનાં અનુપમભાઈ દોશી, કરૂણા ફાઉન્ડે શન એનીમલ હેલ્પખલાઈનનાં મીતલભાઈ ખેતાણી, પ્રયાસ ફાઉન્ડેંશનનાં રાષ્ટ્રાપતીચંદ્રક એવોર્ડ વિજેતા પૂજાબેન પટેલ તથા ભાસ્કારભાઈ પારેખ, રઘુવંશી મહીલા અગ્રણી સેવાકીય રત્નસ શ્રીમતી શોભનાબેન કારીયા, સેવારત્નર હસમુખભાઈ ટોળીયા, અંધમહિલા વિકાસ ગળહના કલ્યારણીબેન જોશીનું સન્માનન કરાયુ હતું. ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ દ્વારા સંસ્થા ની કામગીરીને વખાણી સોને કાર્ય માટે પ્રેરણા આપેલ હતી.

## રાજકોટ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા નિરાધાર વિધવા બહેનોને રાશન કીટ વિતરણ



રાજકોટ,

''જન સેવા એજ પ્રભુ સેવા'' ના ધ્યેરય સાથેશ્રી જન કલ્યાીણ ટ્રસ્ટ નવલનગરના પ્રમુખ સવજીભાઈ મૈયડની રાહબરી નીચે જરૂરીયાત મંદ ગંગા સ્વટરૂપ મહિલાઓને ૫૧ રાશનકીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યોગ હતો. આ પ્રસંગે મેયર પ્રદીપભાઈ ડવ, ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રતભાઈ પાડલીયા, પડધરી ટંકારાના પૂર્વ ધારાસભ્યર બાવનજીભાઈ મેતલીયા, આર.એસ.એસ.ના કાર્યવાહક કિશોરભાઈ મૂંગલપરા, મનસુખભાઈ બાલા, વોર્ડ નં.૧૩ ના કોર્પોરેટરઓ જયાબેન હરિભાઈ ડાંગર અને સોનલબેન સોનારા, જીલ્લા ભાજપ મંત્રી પ્રાગજીભાઈ કાકડિયા, પ્રેસ-મીડીયા ઈન્ચાાર્જ અરૂણભાઈ નિર્મળ, જીલ્લા ભાજપ શિક્ષણ સેલ કન્વીાનાર બીપીનભાઈ સાવલીયા, જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી અલ્પેયશભાઈ અગ્રાવત, વિવેક સાતા સહીતના મહાનુભાવ ઉપસ્થિીત રહ્યા હતા અશોકભાઈ સેતાએ મહેમાનોનું શાબ્દિાક સ્વાગત કરેલ હતું.

# એશિયાટીક સિંહ ૧૪૩ વર્ષ પછી બરડા વન્ય જીવ અભયારણ્યમાં ફરી દેખાયોઃ નર સિંહ કુદરતી રીતે જ બરડા પહોંચ્યો

## આ અદ્ભૂત ઘટનાક્રમ બરડાને ગીરના સિંહોના બીજા ઘર તરીકે સ્થાપિત કરે છેઃ પરિમલ નથવાણી

અમદાવાદ,

બરડા વન્યજીવ અભયારણ્યમાં રેડિયો કૉલર લગાવેલા નર સિંહે દેખા દેવાની સાથે, ગુજરાત અને ભારતના ગર્વ એવા એશિયાટીક સિંહોએ પોરબંદર નજીક બરડા વન્યજીવ અભયારણ્યમાં પોતાનું નવું અને બીજું ઘર શોધી લીધું છે. બરડામાં સિંહ છેક સન્ ૧૮૭૯માં છેલ્લે દેખાયો હોવાનું નોંધવામાં આવ્યું હતું, તેમ ગીર સિંહોના પ્રેમી અને ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સલાહકાર સમિતિના સભ્ય અને રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

શ્રી નથવાણીએ માહિતી આપી હતી કે લગભગ સાડાત્રણ વર્ષની ઉંમરનો નર સિંહ જાન્યુઆરી ૧૮, ૨૦૨૩ના રોજ બરડા અભયારણ્યમાં પ્રવેશ્યો હતો.

આ સિંહ પોરબંદર વન્યજીવ વિભાગની રાણાવાવ રેન્જમાં રાણાવાવ રાઉન્ડની મોટા જંગલ બીટમાં દેખાયો હતો. આ નર સિંહને પ્રથમ વખત ઓક્ટોબર ૩, ૨૦૨૨ના રોજ પોરબંદર વન્યજીવ વિભાગના માધવપુર રાઉન્ડમાં જોવામાં આવ્યો હતો. દરીયાકાંઠાના જંગલો અને ખરાબામાં વિવિધ રહેણાંકોમાં લગભગ ત્રણ મહિના વિતાવ્યા બાદ આ નર સિંહ બરડા વન્યજીવ અભયારણ્યમાં પ્રવેશ્યો હતો. આ સિંહ પર દેખરેખ રાખવા માટે ગુજરાતના વન વિભાગ દ્વારા ઓક્ટોબર ૨૯, ૨૦૨૨ના રોજ તેને રેડિયો કૉલર લગાવવામાં આવ્યો હતો, એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.

નોંધપાત્ર છે કે 'પ્રોજેક્ટ લાયનઃ લાયન@૪૭ વિઝન ફોર અમૃતકાલ' દસ્તાવેજ અનુસાર, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતના બરડા વન્યજીવ અભયારણ્યની એવા સંભવિત સ્થાન તરીકે ઓળખ કરીને ચકાસણી કરવામાં આવી છે જ્યાં ૪૦ વયસ્ક અને સબ-વયસ્ક સિંહો કુદરતી ક્રમમાં છૂટા પડીને બરડા-આલેચ ટેકરીઓ અને દરીયાકાંઠાના જંગલોમાં રહી શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિરના સિંહોના મહત્વને જાણ્યું હતું અને આ કિમતી વન્યજીવની સમૃધ્ધિ માટેનો રોડમેપ તૈયાર કર્યો હતો. સિંહ અને વન્યજીવ પ્રેમી તરીકે હું ખૂબ જ ખુશ છું કે એશિયાટીક સિંહો કુદરતી રીતે ગુજરાતમાં જ અલગ થઈ રહ્યા છે અને તેમાંથી એક પોતાની મેળે જ કુદરતી રીતે બરડા વન્યજીવ અભયારણ્યમાં પહોંચ્યો. મને આશા છે કે ગુજરાતના વન વિભાગ અને સ્થાનિક સમુદાયોની સંયુક્ત દેખરેખ હેઠળ થયેલા સિંહના કુદરતી અને આપમેળે જ થયેલાં સ્થળાંતરને પ્રોજેક્ટ લાયન હેઠળ ભારત સરકાર અને પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા વધારે પ્રોત્સાહન આપવામાં અને મજબૂત બનાવવામાં આવશે,'' એમ સાંસદ (રાજયસભા) અને ડાયરેક્ટર- કોર્પોરેટ અફેર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

''આપણાં સિહોંની ભલાઈ માટે એટલાં જ આતુર અને ચિંતાતુર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ફોરેસ્ટર અને વન્યજીવ પ્રેમીઓ માટે મોટીવેશન અને પ્રોત્સાહનના સ્ત્રોત છે,'' એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.શ્રી નથવાણીએ ઉમેર્યું હતું કે, ''બરડા વન્યજીવ અભાયરણ્યને એશિયાટીક સિંહોના બીજા ઘર તરીકે વિકસાવવા માટે અમારા તરફથી જે પણ મદદની જરૂરી હોય તે પૂરી પાડવા માટે હુંતૈયાર છું.''



ગુજરાત રાજયના વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યને એશિયાટિક સિંહો માટેના બીજા ઘર તરીકે ઓળખ કરી છે, જ્યાં કુદરતી રીતે છૂટા પડીને સિંહો સ્થાપિત થશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ગીરના ઘણાં વિસ્તારો સાથે ઈકો-કલાયમેટીક અને માનવ સમુદાયની સમાનતા બરડા વન્યજીવ અભયારણ્યને એશિયાટીક સિંહો માટે સાનુકૂળ ઘર બનાવે છે.

સિંહની તેમના બીજા ઘર તરફનું કુદરતી સ્થળાંતર ઐતિહાસિક ઘટના છે અને બરડા વન્યજીવ અભયારણ્યના સમાન સાનુકૂળ વાતાવરણમાં આ રાજવી પ્રાણીની વધતી જતી સંખ્યાને રહેઠાણ પૂરું પાડવા તરફનો માર્ગ મોકળો કરશે, જ્યાં છેલ્લે તેમની હાજરી ૧૮૭૯માં નોંધાઈ હતી.

# ભારત સરકારે સાત વર્ષમાં ૫૫ હજારથી પણ વધુ વેબસાઈટ બ્લોક કરી દીધી

નવીદિલ્હી,

ભારત સરકારે ૨૦૧૫થી ૨૦૨૨ ની વચ્ચે હજારો વેબસાઇટ્સ અને પોસ્ટ્સ પર તવાઈ બોલાવી છે. ત્યારે આ સાત વર્ષના સમયગાળા દરમિયાન ૫૫,૫૮૦ વેબસાઇટ્સને બ્લોક કરી દીધી છે, તેમજ કેટલી પોસ્ટ પણ ડિલિટ કરી દેવામાં આવી છે. પોસ્ટને બ્લોક કરવામાં આવી હતી, સોફ્ટવેર ફ્રીડમ લો સેન્ટર અથવા જીક્ષ્લન્ઝ અનુસાર આ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. પોર્નોગ્રાફી સહિત જાતીય સતામણી કરતી અનેક સોશિયલ મીડિયા સાઈટને બંધ કરી દીધી છે. આ સાથે કેટલીક મોબાઈલ એપ્સ પણ બંધ કરી દેવામાં આવી છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૭ વર્ષ દરમિયાન ભારત સરકારે ૫૫,૫૮૦ વેબસાઈટ, સોશિયલ મીડિયા પોસ્ટ અને એકાઉન્ટ બ્લોક કર્યા છે. મોટાભાગની વેબસાઈટ આઈટી એક્ટની કલમ ૬૯છ હેઠળ બંધ કરવામાં આવી છે. જેમાં આઇટી એક્ટની કલમ ૬૯છ હેઠળ ૨૬,૪૭૪ `ઈન (૪૭.૬ ટકા) બ્લોક કરવામાં આવ્યા હતા. જયારે ૪૬.૮ ટકા વેબસાઈટ કોપીરાઈટ ઉલ્લંઘન અને અન્ય મામલાઓમાં બંધ કરવામાં આવી છે. પોર્નોગ્રાફી અને બાળ જાતીય શોષણને કારણે અન્ય વેબસાઇટ્સ બંધ કરવામાં આવી હતી.




છેલ્લા બે વર્ષમાં ૨૭૪ મોબાઈલ એપ્સ પણ બંધ કરી છે. આ એપ્સ પણ આઈટીની કલમ ૬૯છ હેઠળ બંધ કરવામાં આવી હતી. આ એપ્સને બ્લોક કરવા પાછળનું કારણ એ હતું કે તેઓ યુઝર્સના ડેટાની ચોરી કરીને તેને દેશની બહારના સર્વર પર મોકલતા હતા. આ વેબસાઇટ્સને બ્લોક કરવા માટેનું ત્રીજું મોટું કારણ CSAM અથવા બાળ જાતીય શોષણ સામગ્રી અને પોર્નોગ્રાફી છે. તેના આધારે ૨૦૧૫ થી ૨૦૨૨ વચ્ચે ૧૦૬૫ વેબસાઈટ બ્લોક કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે કલમ ૬૯છ હેઠળ ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા, સંરક્ષણ, રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્યો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડતી એપ્સ અથવા વેબસાઇટ્સને બ્લોક કરવામાં આવે છે.માનહાનિ, જાહેર અવ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા તેમજ અદાલતની અવમાનના જેવી અનેક બાબતોને કારણે ભારતમાં વેબસાઇટ્સ પણ બ્લોક કરવામાં આવી છે.

# અફઘાનિસ્તાનમાં ઠંડીનો હાહાકાર

## ૮ દિવસમાં ૭૦ લોકોના અને ૭૦ હજાર પશુઓના મોત


કાબુલ,

હાલના દિવસોમાં અફઘાનિસ્તાનમાં ભયકંર ઠંડી પડી રહી છે. તાપમાન ખુબ જ નીચુ જતું રહ્યુ છે. સ્થિતિ એ છે કે પારો માઈનસ સુધી પહોંચી ગયો છે. આ કારણે દેશભરમાં મોટી સંખ્યામાં મોત થયા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યુ હતું કે આટલી ભયાનક ઠંડી ક્યારેય પણ પડી નથી.

અફઘાનિસ્તાનમાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાનમા ઘટાડો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે અહી ૧૦ જાન્યુઆરીથી તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે જ અહીં પારો માઈનસ ૩૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. અફઘાનિસ્તાનના ગ્રામીણ વિસ્તારમાં અને બર્ફિલાવાળા વિસ્તારમાં ઠંડીથી બચાવવા માટે કોલસાના હિટર લગાવવામાં આવી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જાણવા મળ્યુ હતું કે ઠંડી હજુ પણ વધારે સમય સુધી રહેવાની સંભાવના છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ૮ દિવસમાં ૭૦ લોકો અને ૭૦,૦૦૦ પશુઓના મોત થયા છે. ઠંડીના કારણે ગરીબ વિસ્તારોની હાલત ખૂબ જ ખરાબ છે. પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે લોકો ઠંડીથી બચવા માટે સરકાર દ્વારા પ્રગટાવવામાં આવેલા બોનફાયરની નજીક ઉમટતા જોવા મળી રહ્યા હતા. અમેરિકાની સેના હટી ગયા બાદ અને તાલિબાનીઓના સત્તા સંભાળ્યા પછી દેશમાં આ બીજો શિયાળો છે. જો કે જ્યારથી તાલિબાનોએ સત્તા સંભાળી છે ત્યારથી યુ.એસ.એ મુખ્ય રાષ્ટ્રીય સંપત્તિઓ ફ્રીઝ કરી દીધી છે. જેના કારણે દેશમાં મોટું સંકટ ઉભું થયું છે. એટલું જ નહીં લોકો ભારે આર્થિક તંગીનો અને ગરીબીનો પણ સામનો કરી રહ્યા છે.

# ૨૦૨૩માં જ પકિસ્તાનના બે ટુકડાં થઈ શકે : અમેરિકાની યુનિવર્સિટીના પ્રોફેસર



વોશિંગ્ટન,

દરેક ક્ષેત્રમાં નબળાં પડી રહેલાં પાકિસ્તાનની હાલત દિવસે ને દિવસે કથળતી જઈ રહી છે. મોટાભાગના સહયોગી દેશો પણ હવે તેની મદદ કરવાથી પીછેહઠ કરવા લાગ્યા છે. જેના લીધે એવા કોઈ સંકેત મળી રહ્યા નથી કે તેની સ્થિતિમાં જલદી કોઈ સુધારો જોવા મળી શકે. અમેરિકાની ડેલાવેર યુનિવર્સિટીમાં ઈસ્લામિક સ્ટડીઝ પ્રોગ્રામના ફાઉન્ડિંગ ડિરેક્ટર પ્રો. મુક્તદર ખાન કહે છે કે પાકિસ્તાન ઉપર હાલમાં ૬ સંકટ મંડરાઈ રહ્યા છે અને તે જ તેના વિનાશનું કારણ બની શકે છે. તેમણે કહ્યું કે જો ભારત ઈચ્છે તો હાલના સમયમાં પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી તેનું પતન કરી દે અને પીઓકે તથા અન્ય વિસ્તારોને પોતાનામાં ભેળવી શકે છે.

મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી અકળાયેલા લોકો સરકારની આકરી ટીકા કરવા લાગ્યા છે. પીઓકેમાં તો અમુક લોકો તો ભારતના લદાખ સાથે જોડાઈ જવા માટે અનેક દિવસોથી દેખાવો કરી રહ્યા છે. આ તમામ ઘટનાક્રમને જોતા અનેક નિષ્ણાતો માની રહ્યા છે કે પાકિસ્તાનની સ્થિતિમાં જલદી કોઈ સુધારો નહીં થાય તેનું વિભાજન નક્કી જ થઈ જશે.

## સુપ્રીમ કમાંડર કરશે ધ્વજારોહણ, પરેડ સવારે ૧૦.૩૦ કલાકથી શરુ

# ૨૬મીએ ફ્લાઈ પાસ્ટમાં ૫૦ એરક્રાફ્ટ લેશે ભાગ

■ **ગણતંત્ર દિવસ સમારંભની શરુઆત મોદી ૯.૫૧ કલાક પર નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે થશે**

નવી દિલ્હી,

દેશ અમૃતકાળમાં પ્રવેશ કરી ચુક્યો છે. બે વર્ષ કોવિડ પ્રતિબંધો બાદ આ વર્ષથી ગણતંત્ર દિવસ સમારંભ ખૂબ જ ખાસ અને અલગ રહેશે. પહેલી વાર કર્તવ્ય પથ પર માર્ચ પાસ્ટ અને ફ્લાઈટ પાસ્ટ દ્વારા આત્મનિર્ભર ભારતની સામરિક તાકાતથી દુનિયાને રુબરુ કરાવશે. ગણતંત્ર દિવસ સમારંભની શરુઆત પ્રધાનમંત્રી મોદી ૯.૫૧ કલાક પર નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે થશે. ત્યાર બાદ સલેયૂટિંગ ડાયસ પર તેઓ રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે. સવારે ૧૦.૩૦ કલાકે સુપ્રીમ કમાંડર ધ્વજારોહણથી પરેડની શરુઆત કરશે અને સમાપન ૨ કલાક ૧૪ મિનિટ બાદ ૧૨.૦૫ કલાકે થશે. હંમેશાની માફક ફ્લાઈ પાસ્ટ ગણતંત્ર દિવસ સમારંભનું સૌથી મોટુ આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે અને આ વર્ષે કર્તવ્યપથ પર થનારા ફ્લાઈ પાસ્ટમાં ત્રણેય સેનાના ૫૦ એરક્રાફ્ટ ભાગ લેશે. જેમાં વાયુસેનાના ૪૫, એક નૈસેના અને ૪ થલસેના હશે. તેમાંથી ૧૮ હેલીકોપ્ટર, ૮ ટ્રાંસપોર્ટ, ૧ વિંટેજ એરક્રાફ્ટ અને ૨૩ ફાઈટર પ્લેન હશે. ખાસ વાત એ છે કે, આ ફ્લાઈટ પાસ્ટમાં આકર્ષણનું કેન્દરમાં નૌસેનાનું એક વિમાન ભાગ રહ્યું છે, જે ૪૨ વર્ષની સર્વિસમાં પહેલી વાર કર્તવ્ય પથ પર ઉડાન ભરશે અને કદાચ આ તેની છેલ્લી ઉડાન હશે, કેમ કે ત્યાર બાદ આ વિમાન નૌસેનામાંથી રિટાયર થઈ જશે. આ વર્ષે સમારંભમાં કેટલાય ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં કોવિડ કાળ પહેલા આ સમારંભનો ભાગ બનવા માટે આવતા દર્શકોની ૨ લાખથી વધારે સંખ્યાને ઘટાડીને ૪૫ હજાર કરી દેવામાં આવી છે. આ વર્ષે રક્ષા મંત્રાલય તરફથી ૫૦થી ૬૦ હજાર નિમંત્રણ આપવામાં આવે છે. જેને ઘટાડીને ૧૨ હજાર કરી દેવામાં આવ્યા છે. આ વર્ષે ગણતંત્ર દિવસ સમારંભને જોતા આવનારા લોકો માટે ૩૨,૦૦૦ ટિકિટો વહેંચવામાં આવી છે. કેમ કે બેસવાની વ્યવસ્થા બદલાઈ ગઈ છે. તેને લઈને સમારંભ જોવા આવતા લોકોની સંખ્યામાં કાપ મુકવામાં આવ્યો છે.

# ભાઈની એન્ગેજમેન્ટ પાર્ટીમાં ઈશા અંબાણીનો લૂક છવાયો

નવી દિલ્હી,

મુકેશ અંબાણી અને નીતા અંબાણીના ઘર એન્ટિલામાં હાલ ખુશીઓનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી સમયમાં અંબાણી પરિવારને તેમની નાની પુત્રવધૂ મળી જશે. ઈશા અંબાણી અને આકાશ અંબાણીના ગ્રાન્ડ વેડિંગ બાદ હવે લોકોને અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના શાહી લગ્નની રાહ છે. અંબાણી પરિવારે આ લગ્નની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. એન્ટિલામાં હાલ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રિ-એન્ગેજમેન્ટ પાર્ટી ચાલી રહી છે. જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ પણ થઈ રહી છે. લગ્ન પહેલાં દરેક ફંક્શનમાં દુલ્હન રાધિકા મર્ચન્ટે પોતાના લૂકને રોયલ ટચ આપવામાં કોઈ કસર નથી છોડી. પ્રિ-એન્ગેજમેન્ટ પાર્ટીના મહેંદી



ફંક્શનમાં રાધિકા મર્ચન્ટે પિંક કલરનો લહેંગા સેટ પહેર્યો હતો. જો કે, હાલમાં અંબાણી ફેમિલીની વધુ એક વ્યક્તિ અને દુલ્હનની નણંદ ઈશા અંબાણીની ચર્ચા પણ થઈ રહી છે, જેણે આ પાર્ટીમાં સિમ્પલ સૂટમાં લાઈમલાઇટ પોતાના નામે કરી દીધી. આ સેલિબ્રેશનની દરેક બાબત ખાસ છે, પરંતુ સૌથી વધુ ચર્ચા ફેશન એક્સપર્ટ્સ ઈશા અંબાણીની કરી રહ્યા છે.

## કર્ણાટકમાં વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં

# અગાઉની સરકારે જે જીલ્લાને પછાત કહ્યો હતો, તે જીલ્લામાં અમે વિકાસ પહોંચાડ્યો

બેંગલોર,

કર્ણાટક વિધાનસભા ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીં અનેક પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે યદગીરી જિલ્લામાં નારાયણપુર લેફ્ટ બેંક કેનાલ-એક્શટેંશન, મોર્ડનાઈઝેશન અને આધુનિકીકરણ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું છે. અહીં તેમણે હજારો કરોડ રૂપિયાના અનેક પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો. વડાપ્રધાને તેમના સંબોધનમાં કહ્યું કે અમે એવા જિલ્લાઓમાં વિકાસ અને સુશાસન લાવ્યા છીએ જે અગાઉની સરકાર લાવી શકી ન હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે સાડા ત્રણ વર્ષ પહેલા જ્યારે જલ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે ૧૮ કરોડ ગ્રામીણ પરિવારોમાંથી માત્ર ૩ કરોડ પરિવારોને જ નળનું પાણી મળતું હતું અને આજે ૧૧ કરોડ ગ્રામીણ વસ્તીને પાણી મળી રહ્યું છે.



વડાપ્રધાન યદગીરી અને કલાબુર્ગીના પ્રવાસે છે, જ્યાં તેઓ રૂ. ૧૦,૮૦૦ કરોડથી વધુની કિંમતની વિવિધ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે.

વિવિધ પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે દેશ આગામી ૨૫ વર્ષ માટે નવા સંકલ્પોને સાબિત કરવા માટે આગળ વધી રહ્યો છે.

# મિત્રના લગ્નમાં ડાન્સ કરતા કરતા યુવકને મોત આવ્યું

રીવા,

રીવા જિલ્લાના સામન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોતનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. અહીં એક યુવકના લગ્નમાં તેનો મિત્ર બેન્ડના બાજા પર જોરદાર ડાન્સ કરી રહ્યો હતો. પરંતુ, ડાન્સ કરતી વખતે તે એકદમ જમીન પર ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો. આ ઘટના ૧૭-૧૮ જાન્યુઆરીની રાત્રે બની હતી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. આ અકસ્માત બાદ લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ હતી. નવવધૂની ડોલી પહેલાં જ યુવકની અર્થી ઉઠી.

મળતી માહિતી મુજબ વરરાજાની આ જાન કાનપુરથી આવી હતી. જાન અમરદીપ મેરેજ ગાર્ડનમાં રોકાઈ હતી. આ લગ્નના મહેમાનોમાંના એક ૩૨ વર્ષીય અભય સચન હતો. લગ્નના દિવસે તે તમામ જાનૈયાઓ સાથે તૈયાર થઈને જનમાસાથી અમરદીપ મેરેજ ગાર્ડન જવા રવાના થયા હતા. રસ્તાની વચ્ચે બધા જાનૈયાઓ નાચવા લાગ્યા. ડાન્સ કરતી વખતે અભય અચાનક જમીન પર ઢળી પડ્યો. તે જમીન પર પડતાની સાથે જ ચારે બાજુ શાંતિ છવાઈ ગઈ. અભયના અચાનક પડી ગયા પછી બેન્ડ-બાજા બંધ કરવામાં આવ્યા હતા.

જુબાજુના લોકો તેની પાસે દોડી આવ્યા હતા. લોકો તેને બેભાન અવસ્થામાં સારવાર માટે સંજય ગાંધી હોસ્પિટલમાં લઈ ગયા હતા. અહીં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે લોકો તેના ડાન્સનો વીડિયો બનાવી રહ્યા હતા ત્યારે તેને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. તે તરત જ જમીન પર ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો.

# અનંત અને રાધિકાની પરંપરાગત વિધિ સાથે સગાઈ સંપન્ન



રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીએ અંબાણી નિવાસમાં પરિવાર, મિત્રોની હાજરીમાં પવિત્ર પરંપરાઓનું અનુસરણ કરવાની સાથે ઔપચારિક રીતે સગાઈ કરી છે.ગુજરાતી હિંદુ પરિવારોમાં પેઢીઓથી અનુસરવામાં આવે છે એવી ગોળ ધાણા અને ચુંદડી વિધિ જેવી વર્ષો જૂની પરંપરાઓ કૌટુંબિક મંદિર અને નિવાસસ્થાનના સમારંભ યોજવાના સ્થળે ખૂબ જ ઉત્સાહથી નિભાવવામાં આવી હતી, આ ઉપરાંત પરિવારોએ એકબીજાને ભેટો અને શુભેચ્છાઓની આપ-લે સાથે અનહદ આનંદ પણ વહેંચ્યો હતો. અનંતના માતા શ્રીમતી નીતા અંબાણીની આગેવાનીમાં અંબાણી પરિવારના સભ્યો દ્વારા સૌને આશ્ચર્યચકિત કરતું એક પર્ફોર્મન્સ પણ આયોજિત કરવામાં આવ્યું હતું.

# ૨૦૨૩ની વિધાનસભા ચુંટણી બની રહેશે લોકસભા ચૂંટણીની સેમીફાઈનલ સમાન

**ચૂંટણીઓ કેન્દ્રના શાસક પક્ષ ભાજપ માટે તેમજ મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ તથા પૂર્વોત્તરમાં પોતાનો પ્રભાવ મજબુત રીતે જમાવવા માટે આ ચૂંટણીઓ તૃણમૂલ માટે પણ મહત્વની બની રહેનાર છે.**

નવીદિલ્હી,

૨૦૨૩માં ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણા તથા મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીની સેમીફાઈનલ સમાન હશે. આ ચૂંટણીઓ કેન્દ્રના શાસક પક્ષ ભાજપ માટે તેમજ મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ તથા પૂર્વોત્તરમાં પોતાનો પ્રભાવ મજબુત રીતે જમાવવા માટે આ ચૂંટણીઓ તૃણમૂલ માટે પણ મહત્વની બની રહેનાર છે.

૨૦૧૯ની ચૂંટણીમાં લોકસભામાં ૩૦૩ સીટો જીતનાર ભાજપ માટે ઓછામાં ઓછી ૧૧૬ સીટો પરનું ચિત્ર તો સ્પષ્ટ થઈ શકે તેમ છે. તે પૈકી માત્ર ચાર રાજ્યો (છત્તીસગઢ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને રાજસ્થાન)માંથી લોકસભાની ૯૩ બેઠકો આવે છે. તે પૈકી મ.પ્ર. અને કર્ણાટકમાં ભાજપ સરકાર છે. રાજસ્થાનની ૨૦૦ વિધાનસભા બેઠકોમાંથી ભાજપે ૨૦૧૩માં ૧૬૩ બેઠકો જીતી હતી. છતાં ૨૦૧૮માં કોંગ્રેસ સામે તેનો પરાજય થયો હતો. ત્યારે ભાજપને ૭૩ સીટો મળી હતી પરંતુ તે રાજ્ય દર વખતે સરકાર બદલવા માટે જાણીતું છે.

મધ્યપ્રદેશમાં ૨૦૧૮માં કોંગ્રેસનું ૧૫ વર્ષનું શાસન તોડી ભાજપ સરકાર રચી છે. જોકે, ૨૦૨૩ માટે કમલનાથે જબ્બર રણનીતિ તૈયાર કરી હોવાનું કહેવાય છે. કર્ણાટકમાં ૨૦૧૮માં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે આગળ આવ્યો હતો. પરંતુ રાજ્યની ૨૨૪ બેઠકોમાં બહુમતી સિદ્ધ કરી ન શકતા ભાજપ સરકાર પડી ભાંગી ત્યારે કોંગ્રેસ અને જેડી (એસ.) ગઠબંધને સરકાર રચી પરંતુ મોટી સંખ્યામાં વિધાયકો તુટતા તે સરકાર પણ પડી ભાંગી અને બી. એસ. યેદીયુરપ્પાનાં નેતૃત્વમાં ફરી ભાજપ સરકાર બની.

દક્ષિણ ભારતમાં પ્રભાવ ફેલાવવા માટે કર્ણાટક તેમાંયે તેનું પાટનગર બેંગ્લોર અતિ મહત્વનું છે. બેંગ્લોર દક્ષિણ ભારતના લગભગ કેન્દ્રસ્થાને છે. ભાજપ માટે દક્ષિણમાં પ્રસરવા કર્ણાટક-બેંગ્લોર અતિમહત્વનું છે. ગૃહમંત્રી અમિત શાહે અહીં ૧૩૬ બેઠકનું લક્?ય રાખ્યું છે. ઉપરાંત મંગળવારે યેદીયુરપ્પા અને નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી મંત્રણાને ઘણું મહત્વ અપાય છે.

# પાક.ની તમામ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓએ કુરાનનો અભ્યાસ ફરજીયાત કરવો પડશે

## બિન-મુસ્લિમ લઘુમતી હિંદુઓ અને અન્ય સમુદાયના લોકોએ પણ કુરાન વાંચવી પડશે

ઈસ્લામાબાદ,

ગંભીર આર્થિક સંકટ વચ્ચે પાકિસ્તાને પોતાના દેશમાં નવો આદેશ જાહેર કર્યો છે. પાકિસ્તાનની તમામ યુનિવર્સિટીઓમાં કુરાન ફરજીયાત કરવામાં આવી છે. આ અંગે સંસદમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ પછી યુનિવર્સિટીઓમાં કુરાન અનુવાદ સાથે ભણાવવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓએ વાંચવું પડશે. કુરાનનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓએ તેના માટે કોઈ પરીક્ષા આપવાની રહેશે નહીં, ન તો વિદ્યાર્થીઓને તેના માટે વધારાના ગુણ મળશે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.માર્કસ ન આપવા અને પરીક્ષામાં છૂટ આપવાનો હેતુ વિદ્યાર્થીઓને કુરાન માટે પ્રેરિત કરવાનો છે. મતલબ કે બિન-મુસ્લિમ લઘુમતી હિંદુઓ અને અન્ય સમુદાયના લોકોએ પણ કુરાન વાંચવી પડશે. પાકિસ્તાનની સંસદમાં ઉપલા ગૃહે વધુ એક ઠરાવ પસાર કર્યો છે.

આ પ્રસ્તાવ પછી યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓને પયગંબર મોહમ્મદ વિશે જણાવવામાં આવશે. આ બંને પ્રસ્તાવ જમાત-એ-ઈસ્લામીના સાંસદ મુશ્તાક અહેમદ વતી રજૂ કરવામાં આવ્યા હતા. મુશ્તાકનું કહેવું છે કે આ બંને પ્રસ્તાવ નિયમોને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યા છે. સાથે જ તેમણે ટ્રાન્સજેન્ડર સંબંધિત બિલનો વિરોધ કર્યો હતો. તેણે કહ્યું કે તે કુરાનની વિરુદ્ધ છે.




તેમણે કહ્યું કે લોકોએ જાણવું પડશે કે કુરાનમાં કઈ વસ્તુઓ સાચી છે અને કઈ ખોટી છે. લોકો માટે સાચા અને ખોટાની સમજ હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેથી કુરાન વાંચવું અને જાણવું જોઈએ. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ દેશના ગૃહમંત્રી રાણા સનાઉલ્લાહે નિવેદન આપ્યું હતું કે સરકારે નિર્ણય લીધો છે કે તે મૂળ કુરાનની કેટલીક આયતો ફરીથી સંકલિત કરશે.

અરબીમાં લખેલી આ પંક્તિઓનો અનુવાદ કરવામાં આવશે. આ સાથે લોકોને કુરાનની સાચી નકલો પણ આપવામાં આવશે.

# રાજકોટ નજીક કેમિકલ ભરેલા ટ્રક અને કાર ધડાકાભેર અથડાતાં આગ : ૩ દાઝ્યા

## રાજકોટ-અમદાવાદ હાઈવે પરનો એકતરફી વાહન વ્યવહાર બંધ કરવામાં આવતા ટ્રાફિકજામ : આઈસરમાં ભરેલા પાર્સલ બળીને ખાખ


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,તા. ૨૦

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આજે બપોરે આઈસર અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. બાદમાં આઈસરમાં ભરેલા કેમિકલને કારણે પાર્સલમાં આગ લાગી હતી. આથી પાર્સલ બળીને ખાખ થઈ ગયા હતા. આગ બૂઝાવવા જતાં ત્રણ મજૂરો પણ દાઝ્યા હતા. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટના બાદ રાજકોટ-અમદાવાદ હાઈવે પરનો એકતરફી વાહન વ્યવહાર બંધ કરવામાં આવતા ટ્રાફિકજામનાં દ્રશ્યો જોવા મળ્યા હતા.

મળતી માહિતી મુજબ રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા પાસે નવા બનેલા ઓવરબ્રિજ આઈસર કે જે અમદાવાદથી પાર્સલ ભરી રાજકોટ આવતું હતું. ત્યારે સામેથી આવતી કાર અથડાતા આઈસર પલટી ખાઈ ગયું હતું. જેના કારણે આઈસરમાં ભરેલા પાર્સલ રોડ ઉપર વિખેરાઈ ગયા હતા. આઈસરમાં કેમિકલના ડબ્બા ભરેલા હતા જે સળગી ઉઠતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ અંગેની જાણ સ્વાતી સોસાયટી રહેતા આઈસરચાલક મહેન્દ્રભાઈ સદાવતીએ કરતા બેડીપરા ફાયર વિભાગ સહિતનો કાફલો દોડી ગયો હતો. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો હતો. આઈસરને નડેલા અકસ્માત બાદ આઈસર પલટી ખાઇ ગયું હતું. જેમાં કેમિકલના જથ્થામાં અકસ્માત બાદ આગ ભભૂકી ઉઠી હતી. આગ થોડીવારમાં જ વિકરાળ બની ગઈ હતી. જોકે, આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી.

# તાપમાન ઉંચકાયું: ઠંડીની તીવ્રતામાં મળી લોકોને રાહત

### આજે સરેરાશ એક થી ચાર ડિગ્રી જેટલું તાપમાન ઉંચકાયું છે અને તેના કારણે ઠંડીમાં થોડી રાહત મળી છે


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,તા. ૨૦

અમરેલીને બાદ કરતાં સમગ્ર રાયમાં આજે લઘુતમ તાપમાન નો પારો સિંગલ ડીઝીટ માં આવી ગયો છે. નલિયામાં ૭.૨ અમરેલીમાં ૯.૩ અને ગિરનાર પર્વત પર પાંચ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે રાયના અન્ય શહેરોના લઘુતમ તાપમાન ની વાત કરીએ તો ભુજમાં ૧૧.૭ ભાવનગરમાં ૧૨ દ્વારકામાં ૧૫.૭ ઓખામાં ૧૯.૯ પોરબંદરમાં ૧૦.૯ રાજકોટમાં ૧૧.૯ વેરાવળમાં ૧૫.૪ જૂનાગઢમાં ૧૦ ભવનાથ તળેટીમાં આઠ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

ભેજના પ્રમાણમાં પણ આજે ઘટાડો થયો છે. આજે સવારે સરેરાશ ૫૦ થી ૬૦ ટકા વચ્ચે ભેજ નોંધાયો છે. પવનની ગતિ પ્રતિ કલાકના આઠથી દસ કિલોમીટરની રહેવા પામી છે.

જો કે, હજુ પણ આગામી દિવસોમાં ઠંડીની ડિગ્રીમાં ઉતાર ચઢાવ જોવા મળી શકે છે. પાછલા દિવસોમાં ભયંકર ઠંડીને પગલે રાય સરકાર પણ સક્રિય થઈ છે અને સ્કૂલના બાળકોને સુરક્ષિત રાખવા માટેના પગલા જાહેર કરવામાં આવ્યા છે.

# રાજકોટના કટારીયા ચોકડી પાસે બિલ્ડિંગમાં ૧૨માં માળે આગ

### ધ ગ્રાન્ડ પેલેસ નામના બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સદનસીબે કોઈ જાનહાની નહીં



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,તા. ૨૦

રાજકોટ શહેરના નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કટારીયા ચોક નજીક ધ ગ્રાન્ડ પેલેસ નામના બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. હાઈરાઈઝ બિલ્ડિંગના ૧૨ માં માળે અચાનક આગ લાગતા સ્થાનિક દ્વારા ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન શરૂ કર્યા છે. સાથે જ તાલુકા પોલીસ ટિમ પણ સ્થળ પર પહોંચી ટ્રાફિક સમસ્યા ન સર્જાઈ તે માટે કામ કરી રહી છે.

નવી બાંધકામ સાઈટ હોવાથી અંદર કોઈ રહેવાસ કરતું ન હતું માટે મોટી દુર્ઘટના થતા અટકી છે. પરંતુ ફ્લેટમાં અંદર ફર્નિચર માટેનો સમાન પડ્યો હોય જેમાં આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે. જો કે આગ ક્યાં કારણે લાગી તે જાણી શકાયું નથી પરંતુ હાલ ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન ચાલુમાં છે. બિલ્ડિંગમાં આગ પ્રસરી જતા ૧૧, ૧૨ અને ૧૩ એમ કુલ ૩ માળમાં આગ લાગી હતી. ફાયર વિભાગ દ્વારા એક કલાકની અંદર ૭૦ % આગ કાબુમાં લેવામાં આવી છે. હજુપણ ૧૩ માં માળે આગ ચાલુ જેને બુજાવવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. મવડી રોડ, કાલાવડ રોડ અને નિર્મલા રોડ ફાયર સ્ટેશન ખાતેથી ફાયર ફાઈટરનો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવવામાં આવ્યો. રાહદારી દ્વારા કંટ્રોલમાં ફોન કરી આગ લાગવા બાબતે જાણ કરવામાં આવી હતી. બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો છે.

# રાજકોટીયન્સ હેલ્મેટ પહેરવાનું શરુ કરી દો



રાજકોટ,તા. ૨૦

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હાલમાં ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારો અને શાળાના બાળકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટેની સમજણ આપવામાં આવી હતી. હવે રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ ને લઈને કડક કાર્યવાહી કરવાના સંકેત આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે હાલમાં રાજકોટ શહેર પોલીસમાં ફરજ બજાવતા ૧૦૦થી વધુ પોલીસકર્મી કે જેમણે હેલ્મેટ પહેરેલ ન હોય તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગે રાજકોટ શહેર ટ્રાફિક DCP પુજા યાદવે જણાવ્યું હતું કે, વાહનચાલકો માટે હેલ્મેટ ખુબ જ જરૂરી છે. મોટાભાગના અકસ્માતના કિસ્સાઓમાં હેલ્મેટ નહિ પહેરવાને કારણે વાહનચાલકનું મોત થાય છે. ત્યારે લોકો હેલ્મેટનો ઉપયોગ કરે તે માટે ટ્રાફિક પોલીસ સક્રિય છે. ટ્રાફિક સપ્તાહમાં પણ હેલ્મેટ પહેરવા પર ભાર મુકવામાં આવ્યો છે. પોલીસ દ્વારા હેલ્મેટ સાથે બાઈક રેલી કરીને લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો ત્યારે વાહનચાલકોએ હેલ્મેટ પહેરવા માટે તૈયાર રહેવું પડશે પોલીસની સાથે તમામ બાઈક ચાલકોએ પણ હેલ્મેટ પહેરવું પડશે.

### ૧૦૦થી વધુ પોલીસકર્મી સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી

હેલમેટના કડક નિયમની પોલીસથી જ શરૂઆત થોડા દિવસો પહેલા રાજકોટ પોલીસ દ્વારા પોલીસ હેડક્વાર્ટર ખાતે હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પોલીસ જવાનો અને પોલીસ પરિવારના કોઈ સભ્ય હેલ્મેટ પહેર્યા વગર બાઈક લઈને બહાર નીકળે તો તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માત્ર પોલીસ અને તેના પરિવારના ૧૦૦ જેટલા લોકોને ટ્રાફિક અંગેનો દંડ કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ બાદ હવે સામાન્ય માણસને પણ ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવાની વિનંતી કરવામાં આવી છે જો હેલ્મેટ નહિ પહેરવામાં આવે તો આગામી દિવસોમાં દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વેસ્ટ ઝોન કચેરીમાં દારુની અને કોલ્ડ્રીંકસની ખાલી બોટલો મળતા તપાસનાં આદેશ

### ટોયલેટ બહાર દારૂની ખાલી ૨ બોટલ મળી, વીડિયો વાઈરલ થતા મ્યુનિ. કમિશનરે વિજલન્સ પાસેથી રિપોર્ટ મગાવ્યો


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરીના ટોઈલેટ પાસેની લોબીમાંથી દારુની ખાલી દારુની બોટલો, કોલ્ડ ડ્રિક્સની ખાલી બોટલો વાયરલ થતા સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી.રાત્રી દરમિયાન દારુની મહેફિલ થઈ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. દરમિયાન આ સમગ્ર મામલે મ્યુનિ. કમિશનરે તપાસના આદેશ તેમજ નમકીનના પેકેટ્?સ જોવા મળતા ભારે ચકચાર મચી ગઈ છે. વિશેષમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ મનપા ઓફિસના ટોઈલેટ બહાર દારુની ખાલી બોટલો પડી હોવાની તસવીરો-વીડિયો સોશ્યલ મીડિયામાં જારી કર્યા છે અને વિજિલન્સ પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.ભૂતકાળમાં પણ અનેક વખત મહાપાલિકાના ટોઈલેટમાંથી દેશી દારુની કોથળીઓ મળી આવી હતી પરંતુ હવે આ વખતે ઈંગ્લીશ દારુની બોટલો મળતા સમગ્ર મામલાની ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરાઈ છે ! સીસી ટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવે તેવી ચર્ચા છે.

# રાજકોટના બેડી ચોકડી પુલ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર પકડાઇ



રાજકોટ,તા. ૨૦

રાજકોટના મોરબી રોડ પર બેડી ચોકડી પુલ પાસે બી ડીવીઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૩૬ હજારના વિદેશી દારૂ ભરેલી કાર કબ્જેપ કરી હતી.

મળતી વિગત મુજબ બેડી ચોકડી નજીક એક કારમાં દારૂનો જથ્થો હોવાની બી ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઈ. એસ.એમ. માડમ, હેડ કોન્સન મોહસીન ખાન મલેક, કોન્સા હેમેન્દ્રસભાઈ વાઘીયાને બાતમી મળતા બેડી ચોકડી પુલ પાસેથી જીજે.૩ એચ.આર.૫૫૮૨ નંબરની અલ્ટોનકારની તલાશી લેતા તેમાંથી રૂા.૩૬૦૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૭૨ બોટલ મળી આવતા પોલીસે દારૂનો જથ્થોબ અને કાર કબ્જે કરી ચાલકની શોધખોળ આદરી હતી આકામગીરી પી.આઇ. આર.જી.બારોટના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એમ.આઈ. શેખ, એ.એસ.આઈ. એસ.એમ.માડમ, હેડ કોન્સન એમ.એમ.મલેક, એલ.બી.હાડગડા, કોન્સ હેમેન્દ્ર ભાઈ વાઘીયા, નિલેશભાઈ વાવૈયા, જયદિપસિંહ બોરાણા, વિશ્વજીતસિંહ ઝાલા, નિતેષભાઈ બારૈયા તથા પોપટભાઈ ગમારા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટની ગ્રીનલેન્ડસ ચોકડી પાસે દબાણ હટાવ ઓપરેશન : બુલડોઝર ફેરવી દેવાયું


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,તા. ૨૦

રાજકોટ જીલ્લા કલેકટરની સુચના બાદ પૂર્વ વિભાગના મામલતદાર શ્રી રૂદ્ર ગાંધી, સર્કલ ઓફિસરશ્રી રાજુભાઇ, તલાટી તથા અન્યોરએ પોલીસ બંદોબસ્તર સાથે આજે ગ્રીનલેન્ડર ચોકડી પાસે દબાણ હટાવ ઓપરેશન હાથ ધરી, બુલડોઝર ફેરવી દઇ, અંદાજે ૬ા કરોડની ૩૨૭૧ ચો.મી. જમીન ખૂલ્લી કરાવી હતી, આ વિસ્તાઆરમાં જ મીનનો ભાવ અંદાજે ચો.મી.ના રૂા. ૨૦ હજાર થવા જાય છે.

મામલતદારશ્રીએ ગ્રીનલેન્ડ. ચોકડી પાસે ફોર્જ એન્ડસ ફોર્જની પાછળ ગુરૂદેવ પાર્ક સોસાયટીમાં આવેલા સરકારી ખરાબા સર્વે નં. ૯૧ પૈકી ટીપી સ્કી મ નં. ૮, ફાઇનલ પ્લોટટ નં. ૫૫ ની ૩૨૭૧ ચો.મી. જમીન ઉપર દબાણ અંગે ૫ વેપારીને કલમ ૨૦૨ હેઠળ નોટીસ ફટકારી હતી, આ જમીન ઉપર વેપારીઓએ રેતી-કપચીના ઢગલાનું દબાણ કર્યું હતું, જે દૂર કરવાની નોટીસ છતાં દબાણ દૂર નહિં કરતા આજે પોલીસ બંદોબસ્તએ સાથે જમીન ખૂલ્લી કરાવાઇ હતી.

# રાજકોટ નવાગામના ગુનામાં ફરાર આરોપીને ક્રાઈમ બ્રાંચે દબોચ્યો



રાજકોટ,તા. ૨૦


રાજકોટના નવાગામ સોખડા રોડ પર ઈન્ડોસ્ટ્રીઝ એરીયામાં યુવાનની હત્યાબનો પ્રયાસ કરનારા શખ્સને ક્રાઈમ બ્રાંચે કુવાડવા ગામમાંથી પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ નવાગામમાં રહેતા રવિભાઇ મોહનભાઇ પરમાર ઈન્ડ સ્ટ્રીયઝ એરીયામાં ચાલીને જતા હતા. ત્યારે એક વર્ષ પહેલા છગન ગેલાભાઇ ઝાપડાની હત્યા થઇ હતી તે બાબતનો ખાર રાખી મોટોભાઇ મોતી ઝાપડા, નાગજી ઉર્ફે મુન્નોક નરશીભાઇ ઝરમરીયા સહિતે બાઈક પર આવી રવિભાઇ પરમારને અપમાનીત કરી ‘તું ઘર પાસે આવતો નહીં’ તેમ કહી ઢીકાપાટુનો મારમારી પથ્થરરના ઘા કરી જીવલેણ હુમલો કર્યો હતો.

આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં રવિભાઇ પરમારે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશ્નભર શ્રી રાજુ ભાર્ગવે સુચના આપતા ક્રાઈમ બ્રાંચના પી.આઇ વાય.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સજ. રણજીતસિંહ પઢારીયા, વિરેન્દ્રયસિંહ ઝાલા, ગીરીરાજસિંહ જાડેજા, વિજયરાજસિંહ જાડેજા, કોન્સગ. વિજયભાઇ મેતા, કુલદીપસિંહ જાડેજા, શૈલેષભાઇ ગઢવી, સહિતે બાતમીના આધારે આરોપી મોતી ગેલાભાઇ ઝાપડા (ઉવ.૩૦) (રહે. સાત હનુમાન સોખડા રોડ ગેસ પ્લાન્ટિગની બાજુમાં નિરાંતનગર)ને કુવાડવા ગામમાંથી પકડી લઇ કુવાડવા પોલીસને સોંપ્યો હતો.

# રાજકોટ મનપાની વેરા વસૂલાત શાખાએ વધુ ૧૨ મિલ્કત સીલ કરી

### તમામ વોર્ડમાં નોટીસ અને રીકવરીની કામગીરી : ૫૪.૩૭ લાખની રીકવરી



રાજકોટ,તા. ૨૦

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખાએ આજે વધુ ૧૨ મિલ્કત સીલ કરીને ૬૮ને ટાંચ જપ્તી નોટીસ આપી છે તો આજે વધુ રૂા.૫૪.૩૭ લાખની રિકવરી થઇ હતી. નવાઇની વાત એ છે કે માત્ર વોર્ડ નં.૭માં સીલીંગ થઇ રહ્યા છે.

વોર્ડ નં.૭માં ઢેબર રોડ વન-વે પર આવેલ વૃંદા આર્કેડમાં આજે વધુ પાંચ યુનિટને સીલ કરવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧માં રૈયા રોડના શાસ્ત્રીનગર, ઘંટેશ્વર, વોર્ડ નં.૩ના ગાયકવાડીમાં ઈલાકુંજ અને સરોજવિલાના ૮ યુનિટ, વાલ્મીકી યુનિટમાં ૬ યુનિટને ટાંચ જપ્તી નોટીસ અપાઇ હતી. વોર્ડ નં.૪ના મોરબી રોડની મધુવન સોસાયટીમાં બે, વોર્ડ નં.૫ના રણછોડનગરમાં ૩ અને આર્યનગરમાં એક યુનિટ, વોર્ડ નં.૬ના રણછોડનગરમાં ૧, સંતકબીર રોડ પર ૪ અને ગોપાલ શોપીંગ સેન્ટરમાં બે યુનિટને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૯ના સાધુ વાસવાણી રોડ પર ૪, વોર્ડ નં.૧૦ના જલારામ મેઈન રોડ પર પાંચ અને શિવ આરાધના સોસાયટીમાં ૩ યુનિટને નોટીસ અપાઇ હતી. વોર્ડ નં.૧૩ના ગોંડલ રોડ પર ૩, સમ્રાટ ઈન્ડ. એરીયામાં ૯ અને બેકબોન શોપીંગ સેન્ટરમાં બે યુનિટને નોટીસ આપીને વસુલાત કરાઇ હતી. વોર્ડ નં.૧૪ના બાપુનગરમાં બે, કેવડાવાડીના ધનવર્ષા બિલ્ડીંગમાં ૪, વોર્ડ નં.૧૫ના વધર્મમાનગર ઈન્ડ.માં એક, વોર્ડ નં.૧૬ના કોઠારીયા મેઈન રોડ પર ૪ અને ગોકુલનગરના ૪ યુનિટને નોટીસ અપાતા રીકવરી થઇ હતી.

# રાજકોટમાં ભૂખહડતાલ પર ઉતરેલા અમૂલ કંપનીના કર્મચારીની તબિયત લથડી : સારવારમાં




### ત્રણ મહિનાનો પગાર અને ૨૧ મહીનાનું પીએફ ન મળતા કર્મચારીઓ ભૂખ હડતાલ પર ઉતર્યા

રાજકોટ,તા. ૨૦

રાજકોટમાં આવેલી અમુલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરતા કર્મચારીઓને ત્રણ મહિનાનો પગાર અને ૨૧ મહિનાનું પીએફ ન મળતા તમામ કર્મચારીઓએ કલેકટરને અગાઉ રજૂઆત કરી હતી.ત્યારબાદ કર્મચારીઓ ભૂખ હડતાલ પર ઉતરી આવ્યા હતા.હડતાલ પર રહેલા એક કર્મચારીની આજે તબિયત લથડતા તેમને તુરંત સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો છે.

વધુ વિગતો મુજબ,મૂળ બીહારના વતની અને હાલ આજીડેમ પાસે માંડાડુંગર પાસે ગોકુલ પાર્કમાં રહેતા રણજીત સુરેશભાઈ ઠાકોર નામના ૪૦ વર્ષનો યુવાન ભૂખ હડતાલ પર હતો ત્યારે તેની તબિયત લથડતા તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પોતે છેલ્લા ૧૭ વર્ષથી અમૂલ કંપનીમાં નોકરી કરે છે.આ અંગે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે રણજીતનું નિવેદન લેવા કાર્યવાહી શરૂ કરી છે.